**તા.: ૧૮ –૧૦–૨૦૨૧ના રોજ મળેલ કારોબારી કમીટીની કાર્યનોંધ..**

**.......................................................................................**

**કા.સ.ઠ.નં.૧૫૮ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

**——————————————————————————————————————————**

**<u>કામ નં.–૧</u>**

**<u>વિષયઃ–</u> તા.:૧૯–૦૭–૨૦૨૧ની ગત કારોબારી મીટીંગની કાર્યવાહી નોંધ વંચાયેલી ગણી કન્ફર્મ કરવા તેમજ થયેલ સરકયુલર ઠરાવો બહાલ રાખવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**તા.:૧૯–૦૭–૨૦૨૧ની ગત કારોબારી મીટીંગની કાર્યવાહી નોંધ વંચાયેલી ગણી કન્ફર્મ કરવામાં આવી. અને કારોબારી કમીટીમાં થયેલ સરકયુલર ઠરાવો વંચાણે લેવામાં આવ્યા. જેને બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૧૫૯ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>કામ નં.–૨</u>**

**<u>વિષયઃ–</u> નગરપાલિકાની અન્ય કમીટીની મળેલ બેઠકની કાર્યવાહી નોંધ બહાલ રાખવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાની અન્ય કમીટી જેવી કે, વોટરવર્કસ કંટ્રોલીંગ કમીટી, ફાયર એન્ડ લાઈટ કમીટીની જાહેર બાંધકામ કમીટીની મળેલ ગત બેઠકની આવેલ કાર્યવાહીની નોંધ વંચાયેલી ગણી બહાલ રાખવામાં આવી.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૧૬૦ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

**———————————————————————————————————————————————————**

**<u>કામ નં.–૩</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાનો સને.૨૦૨૦–૨૦૨૧ નો તા.:૦૧/૦૪/૨૦૨૦ થી તા.:૩૧ /૦૩/૨૦૨૧ સુધીનો બાર–માસીક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાનો સને.૨૦૨૦–૨૦૨૧ નો તા.: ૦૧/૦૪/૨૦૨૦ થી તા.: ૩૧ /૦૩/૨૦૨૧ સુધીનો બાર– માસીક હિસાબ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૧૬૧ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

———————————————————————————————————————————————

<u>કામ નં.–૪</u>

<u>વિષય:–</u> **ઓવરબ્રીજ થી સુધાનગર થઈ અંબાજીનગર થી સાંઈપાર્ક સોસાયટીથી પોલીસ હેડ કવાર્ટસથી વરસાદી પાણીનો નિકાલ થાય છે. જે માટે સાંઈ પાર્ક કો–ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસા.લી.ઘ્વારા વરસાદી પાણી ભરાવાના કારણે કોમન પ્લોટમાં પાઈપલાઈન નાખવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

<u>ઠરાવ.:–</u>

વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ઓવરબ્રીજ થી સુધાનગર થઈ અંબાજીનગર થી સાંઈપાર્ક સોસાયટીમાં હયાતમાં સ્થળ તપાસ કરતાં ૪૦૦ mm ના RCC ના પાઈપ લાઈન આવેલ છે. જે પાઈપ લાઈનમાંથી આજુબાજુના વિસ્તારમાં ડેવલોપમેન્ટની કામગીરીમાં વધારો થતાં સદરહુ વિસ્તારમાંથી વરસાદી પાણીનો જરૂરીયાત મુજબ વરસાદી પાણીનો નિકાલ થઈ રહેલ નથી. જેના કારણે સાંઈપાર્ક સોસાયટીમાં પાણીનો ભરાવો થાય છે. સદરહું વરસાદી પાણીના નિકાલ માટે સાંઈ પાર્ક કો–ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.ઘ્વારા વરસાદી પાણી ભરાવાના કારણે કોમન પ્લોટમાં પાઈપલાઈન નાખવા માટે લેખિત રજુઆત કરેલ છે સદરહું કામ સરકારશ્રીની આવનારી ગ્રાંટમાંથી કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૬૨ / તા.:૧૮ –૧૦–૨૦૨૧

---

**<u>કામ નં.–૫</u>**

**<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭–૨૦) ( SAAP) ના વર્ષ હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં રેલ્વે સ્ટેશનની બાજુમાં આવેલ ગોદીની જગ્યામાં નગરપાલિકા ધ્વારા સરકારશ્રીની યોજના મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતર્ગત સીટી બસની સુવિધામાં બસ ટર્મિનસના બાંધકામનું આયોજન કરેલ છે. જે અંતર્ગત અત્રેની કચેરીએથી ડીવીઝનલ રેલ્વે મેનેજરને જગ્યાની ફાળવણી માટે દરખાસ્ત કરેલ છે. સદરહુ જગ્યામાંથી વરસાદી પાણીનું ખુલ્લું નાળું ( બસ ડેપોની પાછળની બાજુ ) મોગરાવાડી રેલ્વે ગરનાળાને જોડતો )પસાર થઈ રહેલ છે. જેના નિકાલ માટે સદરહુ યોજનાની બચત રકમમાં થી વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી નાળા નાખી માટી પુરાણ કરી, બસ ટર્મિનસનું બાંધકામ અંગે એસ્ટીમેઈટ બનાવી DPR બનાવવા માટે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.ઃ–</u>**

**ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭–૨૦) ( SAAP) ના વર્ષ હેઠળ રૂા. ૫.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ. સદરહુ ગ્રાન્ટ અન્વયે વલસાડ વલસાડ નગરપાલિકા હદમાં (૧) ઝરણા પાર્કથી ભંડાર વાસ તરફ જતો રોડ ( આર.સી.સી. પાઈપ સીંગલ સાઈડ ) (૨) ગીરીરાજ હોટલથી GIDC ક્રોસ રોડ (આર.સી.સી.પાઈપ બંને સાઈડ ) તેમજ (૩) મોગરાવાડી કોટેશ્વર મંદિર પાછળ ( આર.સી.સી. પાઈપ સીંગલ સાઈડ ) વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાના કામે નાયબ માહીતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવતા મુદત દરમ્યાન કુલ–૧૮ ટેન્ડરો આવેલ છે, સદરહુ આવેલ ટેન્ડર ડોકયુમેન્ટ તા.ઃ ૧૦–૧૦–૨૦૧૮ ના રોજ ખુલ્લા કરવામાં આવતા આવેલ કુલ–૧૮ ટેન્ડરો, ૪–ટેન્ડરર ડીસ્કોલીફાઈડ થયેલ છે. અને કુલ–૧૪ ઓનલાઈન ટેન્ડર તા.ઃ૦૧–૧૧–૨૦૧૮ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ઠેકેદારશ્રી પરેશ એસ. પટેલ, મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂા.૪,૫૭,૦૧,૧૪૪.૧૨/– કરતાં ૩૨.૩૩% નીચા ભાવ આવેલ છે, જેથી નીચા આવેલ ભાવ મુજબ રૂા.૩,૦૯,૨૫,૯૬૪.૨૩/– પુરાનું ટેન્ડર આવેલ છે. અને સદરહુ મંજુર કરેલ ભાવોથી એજન્સી ધ્વારા કામગીરી કરવામાં આવેલ છે. અને સદરહું મંજુર કરેલ ભાવોથી નગરપાલિકા ધ્વારા જાવક નં.૨૭૬૦/ તા.ઃ૨૫/૦૨/૨૦૧૯ થી વર્ક ઓર્ડર આપેલ છે. જે અંતર્ગત**

એજન્સી ધ્વારા કામગીરી કરવામાં આવેલ છે. ઉપરોકત યોજના અન્વયે મળેલ કુલ ગ્રાન્ટ અન્વયે કુલ કામો ૦૩–નું રૂા.૩,૦૧,૧૨,૨૭૧.૩૭ પુરાનું ચુકવણું કરી સદરહું પ્રોજેકટ પૂર્ણ કરેલ છે.

વધુમાં, વલસાડ નગરપાલિકા હદમાં રેલ્વે સ્ટેશનની બાજુમાં આવેલ ગોદીની જગ્યામાં નગરપાલિકા ધ્વારા સરકારશ્રીની યોજના મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતર્ગત સીટી બસની સુવિધામાં બસ ટર્મિનસના બાંધકામનું આયોજન કરેલ છે. જે અંતર્ગત અત્રેની કચેરીએથી ડીવીઝનલ રેલ્વે મેનેજરને જગ્યાની ફાળવણી માટે દરખાસ્ત કરેલ છે. સદરહુ જગ્યામાંથી વરસાદી પાણીનું ખુલ્લું નાળું ( બસ ડેપોની પાછળની બાજુ ) (મોગરાવાડી રેલ્વે ગરનાળાને જોડતો )પસાર થઈ રહેલ છે. જેના નિકાલ માટે સદરહુ યોજનાની બચત રકમમાં થી વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી નાળા નાંખવામાં આવે તો સદરહુ મુશ્કેલીનો નિકાલ થઈ શકે એમ છે. તો સદરહુ બચત થયેલ રકમમાંથી સદરહુ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી નાળા નાખી માટી પુરાણ કરી, બસ ટર્મિનસનું બાંધકામ થઈ શકે તેમ છે. સદરહું કામને સદરહું યોજનાના નિમણુંક પામેલ કન્સલટન્ટશ્રી ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગર ધ્વારા સ્થળ તપાસ કરી જરૂરી એસ્ટીમેન્ટ બનાવી **DPR** બનાવવા માટે પત્ર વ્યવહાર કરવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૬૩ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૬</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકા, વલસાડના જુદા જુદા શાખામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા ર્ડા. દેસાઈ શ્વેતાબેન તુષારભાઈ વિગેરેઓ નિવૃત્ત થતાં, ગ્રેજયુઈટી, પેન્શન, વિગેરે ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા, વલસાડના કાયમી ફરજ બજાવતા જુદા જુદા શાખાના નીચે જણાવેલ કાયમી કર્મચારીઓ નિવૃત થતાં તેમની નિયમોનુસાર નીકળતી નીચે જણાવ્યા મુજબની ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન વિગેરેની ચુકવણી કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ નં | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | ગ્રેજયુઈટી રૂા. | રૂપાંતરીત પેન્શન | પેન્શન રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ર્ડા.દેસાઈ શ્વેતાબેન તુષારભાઈ | મ્યુનિસિપલ હોસ્પીટલ. | ૩૧–૦૭–૨૦૨૧ (સ્વૈ.નિવૃત્ત) | ૧૦૦૦૦૦૦/– | ૮૩૪૫૧૬/– | ૨૦૪૨૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૨ | કુંકણા જયેશ નાનુભાઈ | વ્યવસાય વેરા. | ૩૧–૦૭–૨૦૨૧ (સ્વૈ.નિવૃત્ત) | ૬૮૮૬૫૦/– | ૩૫૫૨૫૭/– | ૮૬૯૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૩ | પવાર જયંતિ મોહનભાઈ | લાઈબ્રેરી | ૨૫–૦૬–૨૦૨૧ (મરણ) | ૭૫૩૦૫૦/– | –– | ૫૭૦૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૪ | રાણા મુકેશ મણીલાલ | ઓકટ્રોઈ | ૨૮–૦૬–૨૦૨૧ (મરણ) | ૧૦૦૦૦૦૦/– | –– | ૭૮૫૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૫ | જયેશ ગોવિંદભાઈ પટેલ | ઓકટ્રોઈ | ૩૦–૦૯–૨૦૨૧ | ૬૮૮૬૫૦/– | ૩૬૪૧૦૫/– | ૮૬૯૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૬ | રાઠોડ મનહર શંકરભાઈ | હોસ્પિટલ | ૩૦–૧૧–૨૦૨૧ | ૫૦૨૯૨૫/– | ૩૦૬૧૭૮/– | ૭૬૨૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૭ | આદમ જાફરઅલ્તાફ વલીજી | ફાયર | ૩૦–૧૧–૨૦૨૧ | ૫૬૨૩૫૩/– | ૨૫૩૮૮૩/– | ૬૪૫૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૮ | કાંતિભાઈ બાબુભાઈ પટેલ | આરોગ્ય | ૩૦–૧૧–૨૦૨૧ | ૧૦૦૦૦૦૦/– | ૫૯૯૨૯૭/– | ૧૪૯૧૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૬૪ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૭</u>

**<u>વિષયઃ–</u>વલસાડ નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી શ્રી મનોરમાબેન આઈ. પ્રતાપગઢવાલા વિગેરે જુદા જુદા શાખાના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાના દરો વધવાથી તે આધારિત ગ્રેજયુઈટી તથા હકક રજા તફાવત ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના નિવૃત્ત થયેલા કર્મચારીઓને નિવૃત્તિના સમયે વલસાડ નગરપાલિકામાં પ્રવર્તમાન મોંઘવારી ભથ્થાના દરો નીચે પ્રમાણે ગ્રેજયુઈટીની ચુકવણી ચુકવવામાં આવેલ હતી. પરંતુ નિવૃત્તિ સમયે મોંઘવારી દરોમાં વધારો થતાં તેઓને નીચે મુજબની વિગતે તફાવત ચુકવવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

| કર્મચારીનું નામ. | નિવૃતિ તારીખ | ચુકવેલ મોંઘવારી ભથ્થા દર | ચુકવવા પાત્ર મોંઘવારી ભથ્થા દર | ચુકવેલ ગ્રેજયુઈટી | ચુકવવાપાત્ર ગ્રેજયુઈટી | તફાવત |
|---|---|---|---|---|---|---|
| મનોરમાબેન આઈ. પ્રતાપગઢવાલા | ૩૧/૦૮/૨૦૧૯ | ૧૫૪ | ૧૬૪ | ૪૩૭૨૭૬ | ૪૫૪૪૯૨ | ૧૭૨૧૬ |
| વાસંતી વાય. જોષી | ૩૦/૦૯/૨૦૧૯ | ૧૫૪ | ૧૬૪ | ૭૪૫૫૮૬ | ૭૭૪૯૩૯ | ૨૯૩૫૩ |
| મંજુલાબેન કે. ઠાકોર | ૩૧/૧૨/૨૦૧૯ | ૧૫૪ | ૧૬૪ | ૪૨૧૩૪૧ | ૪૩૭૯૨૯ | ૧૬૫૮૮ |
| સુમનબેન વી.વીસપુતે | ૩૧/૦૩/૨૦૧૬ | ૧૧૯ | ૧૨૫ | ૧૯૫૭૨૩ | ૨૦૧૦૮૭ | ૫૩૬૪ |
| રમેશભાઈ સી. પટેલ | ૩૧/૦૧/૨૦૧૫ | ૧૦૭ | ૧૧૩ | ૨૪૮૬૫૨ | ૨૬૬૫૧૨ | ૧૭૮૬૦ |
| અમરતલાલ એન.ધીમ્મર | ૩૦/૦૯/૨૦૧૯ | ૧૫૪ | ૧૬૪ | ૭૫૪૦૨૯ | ૭૯૦૮૫૭ | ૩૬૮૨૮ |
| અમરતલાલ એન.ધીમ્મર (હકક રજા ) | ૩૦/૦૯/૨૦૧૯ | ૧૫૪ | ૧૬૪ | ૫૬૩૬૩૦ | ૫૮૫૮૨૦ | ૨૨૧૯૦ |
| | કુલ ચુકવવાપાત્ર રકમ રૂા... | | | | | ૧૪૫૩૯૯ |

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૧૬૫ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>કામ નં.–૮</u>**

**<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખાના કર્મચારીશ્રી બાબુભાઈ આર. પટેલ, નિવૃત્ત કર્મચારીના છઠ્ઠા પગાર પંચ મુજબ ગણતરીમાં થયેલ ભુલ સુધારવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં ફરજ બજાવતા કર્મચારી શ્રી બાબુભાઈ આર. પટેલ, તા.: ૩૧–૧૦–૨૦૧૨ થી નિવૃત થયેલ હતા. નગરપાલિકાના કર્મચારીઓને નામદાર ગુજરાત સરકારશ્રીના નગરપાલિકા નિયામકશ્રી દ્વારા તા.: ૦૧–૦૧–૨૦૧૦ થી લાભ આપવામાં આવેલ હતો. નિવૃતિ સમયે તેઓનો મૂળ પગાર ૮૦૦૨/– મુજબ ગણતરી કરી પેન્શન તથા અન્ય લાભોનું ચુકવણું કરવામાં આવેલ હતું. ત્યારબાદ સરકારશ્રી દ્વારા નિયમોનુસાર ફીકસેસન કરવામાં આવતાં છઠ્ઠા પગારપંચ મુજબ તેઓનો પગાર ૮૭૬૦ + ૧૪૦૦ = ૧૦૧૬૦ નકકી કરવામાં આવેલ છે.જે મુજબ તેઓનું પેન્શનની રકમ તા.:૦૧–૧૧–૨૦૧૨ થી ચુકવવાપાત્ર થાય છે. તે મુજબ તેઓને નિવૃતિ બાદ સદરહુ રકમની ગણતરી કરી ચુકવવાપાત્ર રકમ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૧૬૬ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

—————————————————————————————————————————————

**<u>કામ નં.–૯</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખાના કર્મચારીશ્રી મોહન કે. પટેલ, નિવૃત્ત કર્મચારીના પેન્શન ગણતરી કેસમાં થયેલ ભુલમાં સુધારો કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં ફરજ બજાવતા કર્મચારી શ્રી મોહન કે. પટેલ, તા.: ૩૧–૦૭–૨૦૧૩ ના રોજ નિવૃત થયેલ હતા. તેઓના નિવૃત પેન્શન પેપર્સ તૈયાર કરી તા.: ૧૦–૦૫–૨૦૧૩ ના રોજ કારોબારી કમીટીમાં મંજુરત મળેલ હતી. જે મુજબ તેઓના મુળ પગાર રૂા. ૯૮૬૦/– નકકી કરતાં કુલ પેન્શનની રકમ રૂા.૪,૪૮૨/– નકકી કરવામાં આવેલ હતી. પરંતુ તા.: ૦૧–૦૭–૨૦૧૬ થી ઈન્ક્રીમેન્ટ છુટતા તેઓનો મુળ પગાર રૂા.૧૦,૧૬૦/– નકકી કરવામાં આવેલ હતો. જે મુજબ મુળ પેન્શન રૂા. ૫,૦૮૦/– નકકી કરવાપાત્ર થાય છે. જે પેન્શનમાં સુધારો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૧૬૭ / તા.: ૧૮–૧૦–૨૦૨૧

---

<u>કામ નં.–૧૦</u>

<u>વિષયઃ–</u>વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિ.હોસ્પીટલમાં કોવીડ–૧૯ વાયરસ અંગે હોસ્પિટલ માટે ઓકિસજન રીફિલ સ્થાનિક બજારમાં શ્રી જયરાજ એન્ટરપ્રાઈઝ, વલસાડ પાસે કરાવેલ. જે અંગેનું આવેલ બીલ રૂા.૧૪,૩૩૨/– પુરા મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પીટલમાં કોવીડ–૧૯ વાયરસના દર્દીઓ ઘણાં જ દાખલ કરવામાં આવે છે. તેવા દર્દીઓને ઓકિસજનની જરૂરીયાત પડે છે. તેવા સંજોગોમાં નગરપાલિકા દ્વારા ઓકિસજન રીફિલ કરાવવામાં આવે છે. સદરહુ ઓકિસજન સ્થાનિક બજારમાંથી શ્રી જયરાજ એન્ટરપ્રાઈઝ, વલસાડ પાસે કરાવેલ. જેના આવેલ બીલ નં. ૦૧ તા.:૨૮–૦૭–૨૦૨૧ થી રૂા.૧૪,૩૩૨/– પુરાનું આવેલ છે. જેનું બીલ બનાવી ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૬૮ / તા.:૧૮–૧૦–૨૦૨૧

———————————————————————————————————————

<u>કામ નં.–૧૧</u>

<u>વિષયઃ–</u>વલસાડ નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રીની ઓફિસ બદલી કરતાં નવી ઓફિસમાં નવા બારણાં અને બારણાં પર લગાવવા માટે પ્લાય, તેમજ કલર લેમીનેટ શીટ વિગેરેની ખરીદી શ્રી જલારામ ઈન્ટીરીયર ઝોન, વલસાડ બીલ રૂ.૧૭,૩૦૦/– અને બીલ રૂ.૧૮,૭૫૦/– મળી કુલ રૂ.૩૬,૦૫૦/– પુરાનું બીલ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.ઃ</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રીની ઓફિસ બદલી કરતાં નવી ઓફિસમાં નવા બારણાં અને બારણાં પર લગાવવા માટે પ્લાય, તેમજ કલર લેમીનેટ શીટ વિગેરેની ખરીદી સ્થાનિક બજારમાંથી શ્રી જલારામ ઈન્ટીરીયર ઝોન, વલસાડ પાસે કરાવેલ. જેનું બીલ નં. **GT/158** તા.ઃ ૧૦–૦૬–૨૦૨૧ થી રૂ. ૧૭,૩૦૦/– પુરા અને બીલ નં. **GT/161** તા.ઃ ૧૧–૦૬–૨૦૨૧ થી રૂ.૧૮,૭૫૦/– મળી કુલ રૂ.૩૬,૦૫૦/– પુરાનું આવેલ બીલ બનાવી બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૧૬૯ / તા.:૧૮–૧૦–૨૦૨૧

---

<u>કામ નં.–૧૨</u>

<u>વિષયઃ–</u> ગુ.મ્યુનિ. ફાય.બોર્ડ –ગાંધીનગરના હુકમ ક્રમાંક નં. મફબ / યુ–૨ / ૧૫ મું નાણાંપંચ / પ્રથમ હપ્તો ( અનટાઈડ ) / ૨૦૨૧–૨૨ / ૧૧૬૧૮ તા.: ૧૭–૦૮–૨૦૨૧ થી ૧૫ માં નાણાંપંચ ગ્રાંટની ફાળવેલ ગ્રાંટમાંથી કામો નકકી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા–વલસાડને ગુ.મ્યુનિ. ફાય.બોર્ડ –ગાંધીનગરના હુકમ ક્રમાંક નં. મફબ / યુ–૨ / ૧૫ મું નાણાંપંચ / પ્રથમ હપ્તો ( અનટાઈડ ) / ૨૦૨૧–૨૨ / ૧૧૬૧૮ તા.: ૧૭–૦૮–૨૦૨૧ થી ૧૫ માં નાણાંપંચ ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. જે ૧૫માં નાણાપંચ ગ્રાંટની શરતો મુજબ અગ્રતાક્રમના ધોરણે ફાળવેલ ગ્રાંટના સ્થાનિક જરૂરીયાત મુજબના કામો ( ૪૦ % મુજબ) પીવાના પાણીના કામો ( ૩૦% મુજબ) તથા ઘનકચરાના વ્યવસ્થાપન માટેના કામો (૩૦% મુજબ) નકકી કરવા શરતોમાં જણાવેલ છે. વધુમાં ૧૫માં નાણાંપંચના કામો માટે તાંત્રિક મંજુરી સંબધિત પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરીમાંથી મેળવવા માટે સંદર્ભ–૨ હેઠળના ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના પત્રથી જણાવવામાં આવેલ છે. ઉપરોકત સંદર્ભ હેઠળના પત્રો અને ૧૫માં નાણાંપંચની ગાઈડલાઈન / શરતો મુજબ કામો નકકી કરી, કામોની યાદી બનાવી, આયોજન કરવા માટેની જરૂરી સત્તા, ચેરમેનશ્રી–કારોબારી સમીતી, પ્રમુખશ્રી,વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૧૭૦ / તા.:૧૮–૧૦–૨૦૨૧**

---

**કામ નં.–૧૩**

**વિષય:–ના.સરકારશ્રીના ગુજરાત શહેરી વિકાસ મિશન ધ્વારા પર્ફોર્મન્સ પ્રમાણે રીફોર્મસની રકમ અમૃતના ખાતામાં ઉમેરવાના થાય છે. જે અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**ઠરાવ.:**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર સરકારશ્રીની અમૃત યોજનાની ગાઈડલાઈન મુજબ સરકાર ધ્વારા ફાળવવામાં આવેલ SAAP ની રકમમાંથી 50% કેન્દ્ર સરકાર, 40% રાજય સરકાર તથા 10% અર્બન લોકલ બોડીએ ફાળવવાના થાય છે તથા અબોવ ગયેલ ટેન્ડરની વધારાની રકમ અને પ્રોજેકટમાં એકસ્ટ્રા / એકસેસ થયેલ રકમ પણ અર્બન લોકલ બોડીએ ચૂકવવાના થાય છે. વધુમાં, ગુજરાત શહેરી વિકાસ મિશન ધ્વારા નગરપાલિકાના પર્ફોર્મન્સ પ્રમાણે રીફોર્મસની રકમ ફાળવવામાં આવેલ છે. ઉપરોકત હકીકતને ધ્યાને લેતા તેમજ ગુજરાત શહેરી વિકાસ મિશનના એડિશનલ ચીફ એકિઝકયુટીવ ઓફિસરશ્રીના અધ્યક્ષસ્થાને તા.: ૦૪ / ૦૬ /૨૦૨૧ ના રોજ મળેલ V.C.માં આપેલ સૂચના મુજબ નગરપાલિકાના 10% ફાળાની રકમ, અબોવ ગયેલ ટેન્ડરની વધારાની રકમ અને પ્રોજેકટમાં એકસ્ટ્રા / એકસેસ થયેલ રકમ જેના કુલ રૂા.૮,૪૦,૩૪,૯૨૬.૯૮ ( જેની ડિટેઈલ શીટ આ સાથે સામેલ છે.) અમૃતના બેન્ક ખાતામાં ઉમેરવાના થાય છે. જે નગરપાલિકાના એકાઉન્ટ ડિપાર્ટમેન્ટ મારફતે કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૧૭૧ / તા.:૧૮–૧૦–૨૦૨૧

---

**કામ નં.–૧૪**

**વિષયઃ–સેવા સેતુ કાર્યક્રમના આવેલ જમવાના વ્યવસ્થા અંગેનું આવેલ બીલ રૂા.૬,૪૫૦/– મંજુર કરવા બાબત..**

**ઠરાવ.:**

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.ગુજરાત સરકારશ્રી ઘ્વારા રાજય સરકારના પાંચ વર્ષનો યશસ્વી કાર્યકાળ પૂર્ણ થવા નિમિત્તે વલસાડ નગરપાલિકા ઘ્વારા તા.૦૨–૦૮–૨૦૨૧ ના રોજ સંવેદના દિનની ઉજવણી કરવા માટે નગરપાલિકા કક્ષાએ સેવા સેતુ કાર્યક્રમ મોંઘાભાઈ હોલ ખાતે આયોજીત કરવામાં આવેલ હતો. જેમાં હાજર અધિકારી, કર્મચારીઓ માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. જેતું આવેલ બીલ તા.:૦૨–૦૮–૨૦૨૧ થી રૂા. ૬૪૫૦/– પુરાનું ચુકવણું હિસાબી શાખાના કલાર્કશ્રી કાર્તિક આઈ.દેસાઈ ઘ્વારા રોકડેથી કરવામાં આવેલ હોય, જેનું બીલ બનાવવા અને તેનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૭૨ / તા.:૧૮–૧૦–૨૦૨૧

———————————————————————————————————

<u>કામ નં.–૧૫</u>

<u>વિષયઃ–</u>વલસાડ નગરપાલિકા હદમાં આવેલ મોરારજી દેસાઈ વેજીટેબલ માર્કેટ નામે ઓળખાતી ઈમારત (૧૨૦ આવાસ )ખુબજ જર્જરીત હાલતમાં હોય, અને વરસાદી સીઝનમાં કોઈ જાનહાનિ ન થાય તેવા શુભ આશયથી સદરહુ ૧૨૦ આવાસનો ખુબજ જર્જરીત ભાગ ઉતારી દેવાની કામગીરી એજન્સીશ્રી વિશ્વાસ વુડન ઈન્ડસ્ટ્રી, લીલાપોર, વલસાડ પાસે કરાવેલ. જેનું આવેલ બીલ રૂા. ૫૫,૩૬૬/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદમાં આવેલ મોરારજી દેસાઈ વેજીટેબલ માર્કેટ નામે ઓળખાતી ઈમારત (૧૨૦ આવાસ )ખુબજ જર્જરીત હાલતમાં હોય, અને વરસાદી સીઝનમાં કોઈ જાનહાનિ ન થાય તેવા શુભ આશયથી સદરહુ ૧૨૦ આવાસનો ખુબજ જર્જરીત ભાગ ઉતારી દેવાની જરૂરીયાત હોય, સદરહુ કામે, એજન્સીશ્રી વિશ્વાસ વુડન ઈન્ડસ્ટ્રી,લીલાપોર, વલસાડને જરૂરી અત્રેની કચેરી જા.નં.–૨૦૨૬ / તા.૨૨–૧૨–૨૦૨૦ થી વર્કઓર્ડર આપવામાં આવેલ, અને કામગીરી કરાવેલ. જે કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા. ૫૫,૩૬૬/–અંકે રૂા.પંચાવન હજાર, ત્રણસો છયાંસઠ પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં, ન.પા. હદ વિસ્તારમાં આવેલ કોઈપણ જર્જરીત મિલકત હોય, તેવી મિલકતોના મિલકતધારકોને નોટીશ આપવાની કાર્યવાહી કરવી અને એઓ જો ન ઉતારે તો નગરપાલિકાએ એજન્સી પાસે સર્વે કરાવી, એસ્ટીમેઈટ કરાવી, એજન્સી મારફતે જર્જરીત મિલકતો ઉતારી તેનો ખર્ચ મિલકતના માલિકો પાસે વસુલાત કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૭૩ / તા.:૧૮–૧૦–૨૦૨૧

---

<u>કામ નં.–૧૬</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા સંચાલિત મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલયની છેલ્લા દોઢ વર્ષથી જમા થયેલ જુના પેપરોની અને સામયિકોની પસ્તીનાં નિકાલ માટેના આવેલ વેપારીઓના ભાવપત્રકો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા સંચાલિત મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલયની છેલ્લા દોઢ વર્ષથી જમા થયેલ જુના પેપરોની અને સામયિકો તથા ફાટેલા બિનઉપયોગી પુસ્તકોની પસ્તીનાં નિકાલ માટે નિયમોનુસાર સ્થાનિક પસ્તીના જથ્થાબંધ વેપારીઓ પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવેલ. જે આવેલ ત્રણ વેપારીઓના ભાવો આવેલ છે. જે ચીફ ઓફીસરશ્રી રૂબરૂ ખુલ્લા કરવામાં આવેલ છે. જેનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | વેપારીનું નામ. | સરનામું | જુના પેપરોની પસ્તીનાં–૧ કિલોનો ભાવ | જુના સામયિકોની પસ્તીનો–૧ કિલોનો ભાવ | જુના ફાટેલા જર્જરીત પુસ્તકોનો ૧–કિલોનો ભાવ | જુના કાગળોની પસ્તીના–૧ કિલોનો ભાવ |
|---|---|---|---|---|---|---|
| ૧/૩ | પ્રમાણીક પ્લાસ્ટીક અને પસ્તી ભંડાર | શીવ એસ્ટેટ, નંદાવલા, વલસાડ. | ૧૫–૦૦ | ૯–૦૦ | ૯–૦૦ | ૫–૦૦ |
| ૨/૩ | શ્રી લક્ષ્મી ઓલ્ડ પેપર માર્ટ, | લક્ષ્મી નિવાસ નંદાવલા , વલસાડ. | ૧૫–૦૦ | ૧૦–૦૦ | ૧૦–૦૦ | ૫–૦૦ |
| ૩/૩ | શ્રી લક્ષ્મી ઓલ્ડ પેપર એન્ડ બોટલ સપ્લાયર | શીવ એસ્ટેટ, નવગાલા ચાલ, બેચરરોડ, વલસાડ. | <u>૧૫–૦૦</u> | <u>૧૧–૦૦</u> | <u>૧૦–૦૦</u> | <u>૭–૦૦</u> |

ઉપરોકત આવેલ પસ્તીના ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે શ્રી લક્ષ્મી ઓલ્ડ પેપર એન્ડ બોટલ સપ્લાયર, શીવ એસ્ટેટ, નવગાલા ચાલ, બેચર રોડ, વલસાડના ભાવો સૌથી વધુ હોય, જે સૌથી વધુ ભાવો મંજુર કરી, શ્રી લક્ષ્મી ઓલ્ડ પેપર એન્ડ બોટલ સપ્લાયર, શીવ એસ્ટેટ, નવગાલા ચાલ, બેચર રોડ, વલસાડને પસ્તી આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

**કા.સ.ઠ.નં. ૧૭૪ / તા.: ૧૮–૧૦–૨૦૨૧**

---

**<u>કામ નં.–૧૭</u>**

**<u>વિષયઃ–</u> મ્યુની.હો.ક.ઠ.નં.–૧ તા.:૦૩/૦૫/૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ, મ્યુનિસીપલ હોસ્પીટલ માટે લેબર / કામદારો સપ્લાય કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પીટલ બનાવેલ છે. હોસ્પીટલમાં કોવિડના પેશન્ટોને દાખલ કરવામાં આવેલ છે. દર્દીઓને તબીબી સારવાર મળી રહે તેમજ હોસ્પીટલમાં બેજીક સુવિધા જેવી કે, સાફ સફાઈ વિગેરે કામગીરી માટે લેબર / કામદારો સપ્લાય કરવા માટે મારવેલ સર્વીસ, ૫૦ /૫૧ ડી.એન.શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ, વલસાડની તા.: ૨૬ /૦૪/૨૦૨૧ ની અરજી અત્રેની કચેરીએ મળેલ છે. અરજીમાં જણાવ્યા મુજબ તેઓ હાલે મ્યુનિસિપલ હોસ્પીટલમાં સફાઈ કામદાર, વોર્ડબોય વિગેરે સપ્લાય કરે છે. હાલે કોરોનાની પરિસ્થિતીને ધ્યાનમાં લઈ રૂા.૪૫૦/– ની કામદાર દીઠ માંગણી કરેલ છે. સેનેટરી ઠરાવ નં.૫૧ તા.:૧૧/૦૬/૨૦૨૧ થી મંજુર થયા મુજબ તેઓ કામદાર દીઠ રૂા. ૪૨૫/– ચુકવી શકાય એમ છે જેથી મારવેલ સર્વીસ , સ્ટેશન રોડ, વલસાડ પાસેથી કામદાર દીઠ રૂા.૪૨૫/– મુજબ હાલ બાવીસ કામદારો / ઓકસીજન સિલિન્ડર ઓપરેટર વિગેરે માટે સપ્લાય કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૧૭૫ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૧૮</u>

<u>વિષયઃ–</u> તા.ઃ૦૮/૦૮/૨૦૨૧ ના રોજ મે. કમિશ્નરશ્રી, રીજીયોનલ કમિશ્નરની કચેરી,સુરત અને પાંચ નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રીઓની રીવ્યુ મીટીંગ આયોજન કરવામાં આવેલ. જેના જમવાનું આયોજન કરેલ જે અંગેનું આવેલબીલ રૂા.૩,૨૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તા.ઃ૦૮/૦૮/૨૦૨૧ ના રોજ મે. કમિશ્નરશ્રી, રીજીયોનલ કમિશ્નરની કચેરી,સુરત અને પાંચ નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રીઓની રીવ્યુ મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જે સરકીટ હાઉસ ખાતે  જમવાનું આયોજન કરેલ.મનીષ સ્વીટમાંથી અંગુર રબડી ૮ કિ.ગ્રા. ખરીદી કરવામાં આવેલ. જે અંગેનું  આવેલ બીલ રૂા.૩,૨૦૦/– અંકે રૂા. ત્રણ હજાર, બસો પુરાનું  મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં. ૧૭૬/ તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>કામ નં.–૧૯</u>**

**<u>વિષયઃ–</u> તા.ઃ૩૧/૦૭/૨૦૨૧ ના રોજ જનરલ બોર્ડ મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ જે અંગેનું આવેલબીલ રૂા.૨૩૨૦/– મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા– વલસાડના તા.ઃ૩૧–૦૭–૨૦૨૧ ના જનરલ બોર્ડ મીટીંગનું આયોજન કરવામાં આવેલ. તે દરમ્યાન સભ્યશ્રીઓ માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. તે દરમ્યાન ઉપસ્થિત સભ્યશ્રીઓ માટે નાસ્તાની વ્યવસ્થા જેવી કે, સમોસા, ફરાળી ચેવડો અને ડીશની વ્યવસ્થા ધી ન્યુ લક્ષ્મી ટી હોલમાંથી કરવામાં આવેલ હતી. તે અંગેનું બીલ નં.–૭૪૭ / તા.: ૩૧–૦૭–૨૦૨૧ થી રૂા.૨,૩૨૦/– અંકે રૂા. બે હજાર, ત્રણસો વીસ પુરાનું બીલ બનાવડાવી, ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૧૭૭ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૨૦</u>

<u>વિષયઃ–</u> મ્યુની.હો.ક.ઠ.નં.–૮ તા.:૦૭/૦૭/૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ, કોવીડ–૧૯ અન્વયે હોસ્પીટલ ખાતે મૃત્યુ પામેલા દર્દીના મૃતદેહને તેમના ઘર / સ્મશાનભુમી સુધી પહોંચાડવા શબવાહીની ( ડ્રાઈવરની સેવા સાથે ) પુરી પાડવા બાબતનું ભાવો મંજુર કરી બીલ મંજુર કરવા બાબત...

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ને સરકારશ્રી ધ્વારા ( ડી.સી.એચ.સી.) ડેડીકેટેડ કોવીડ હેલ્થ સેન્ટર તરીકે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી જીલ્લા પંચાયત, વલસાડના પત્ર ક્રમાંક નં. ઈ.પી.સી. / આઈ.ડી. એસ.પી. / કોરોના વાયરસ / ૬૫૮૫–૯૬ / ૨૦૨૦ તા.: ૨૪/૦૪/૨૦૨૦ થી જાહેર કરતા વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પીટલને કોવીડ–૧૯ હેલ્થ સેન્ટર તરીકે કાર્યરત કરતા અત્રેની હોસ્પીટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ દર્દીઓના મૃતદેહને જરૂર જણાયે સન્માન પૂર્વક હોસ્પીટલમાંથી ઘર / સ્મશાનભૂમી સુધી પહોંચાડવા શબવાહિની પૂરી પાડવાની જરૂરીયાતને ધ્યાને લેતા ઉપરોકત જી.એમ.ઈ.આર. મેડિકલ કોલેજ હોસ્પીટલના પત્ર ક્રમાંક : મેકોહોવ / શબવાહીની / ટેન્ડર / ભાવ મંજુર / ૪૦૬૮–૭૪ / ૨૦૨૦ તા.:૦૧ /૦૫ / ૨૦૨૦ થી સાંઈ ટ્રાવેલ્સ, ખેરગામ રોડ, ધમડાચી, તા.જી.–વલસાડના ઓન કોલ માંગણી મુજબ ( પ્રતિ ટ્રીપ) પ્રમાણે વાર્ષિક ભાવો મંજુર કરવામાં આવેલ છે. સદરહુ મંજુર થયેલા ભાવોથી પ્રતિ ટ્રીપના રૂા.૭૦૦૦/– ( પી.પી.ઈ કીટ સાથે ) તેમજ રૂા.૫,૦૦૦/–(પી.પી.ઈ કીટ વગર ) થી નકકી કરવામાં આવેલ છે.સદરહુ ભાવો પ્રમાણે નકકી કરવામાં આવેલ છે. કોવીડ–૧૯ અન્વયે સદરહુ કામગીરી અત્રેની હોસ્પીટલના મૃત્યુ પામેલ દર્દીઓના મૃતદેહના નિકાલ અંગેની તમામ જવાબદારી મામલતદારશ્રી, વલસાડને સોંપવામાં આવેલ હતી જેને ધ્યાને લઈ ઉપરોકત એજન્સી મારફતે વલસાડ નગરપાલિકા હોસ્પીટલમાં મૃત્યુ પામેલ દર્દીઓના મૃતદેહને સન્માનપૂર્વક અંતીમ સંસ્કારની કામગીરી ઉપરોકત એજન્સી ધ્વારા ઓનકોલ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉપરોકત એજન્સીના આવનાર બીલને બહાલ રાખવાનું ઠરાવવા અને કારોબારી સમિતિની મંજુરતની અપેક્ષાએ બીલનું ચુકવણું કરવાનું ઠરાવેલ.જે અંગે કમીટીમાં ચર્ચા વિચારણાનાં અંતે, સદરહું બીલ અંગે નેગોશીયેશન કરાવી, બીલ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

**કા.સ.ઠ.નં. ૧૭૮ / તા.:૧૮–૧૦–૨૦૨૧**

---

**<u>કામ નં.–૨૧</u>**

**<u>વિષયઃ–</u>વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલરામવાડીમાં ડી.પી.રસ્તાનું ડીમાર્કેશન હદ નિશાન કરવા અંગેની કામગીરી વલસાડના સ્થાનીક ઈજનેરશ્રી મનોજ બી. પટેલ પાસે કરાવેલ.જે અંગેનું બીલ રૂા.૧૦,૦૦૦/– મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રામવાડી વિસ્તારમાં આવેલ સ્વાદ ફરસાણ થી લોટસ હોસ્પિટલ સુધીનો ૪૦ ફુટનો રસ્તો જાહેરનામા ક્રમાંક GHIVII5 OF 20/3/DVP-3209-L થી મંજુર કરવામાં આવેલ સદરહુ ડી.પી. રસ્તાનું ડીર્માકેશન હદ નિશાન કરવા માટે વલસાડના સ્થાનિક ઈજનેરશ્રી મનોજ બી.પટેલ હદ ચોકસાઈ કરી આપેલ જે કામગીરીનું આવેલ બીલ રૂા.૧૦,૦૦૦/–અંકે રૂા. દશ હજાર પુરાનું આવેલ બીલ બાંધકામ શાખાના અશોકભાઈ જે. પટેલ રોકડાથી ચુકવણું કરેલ જે અંગેનું બીલ ચુકવવાપાત્ર હોય, આવેલ બીલ બનાવડાવી, ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૧૭૯ / તા.:૧૮–૧૦–૨૦૨૧**

**––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––**

**<u>કામ નં.–૨૨</u>**

**<u>વિષયઃ–</u>ટી.પી.ડી.પી. ના નકશા ઓને કલરપ્રિન્ટ ૪૨+ ૪૮, ૪૨+ ૪૮, સાઈઝના નંગ–૧૫, નકશા કરાવવામાં આવેલ જેનું ગજાનંદ ઝેરોક્ષ,વલસાડનું આવેલ બીલ રૂા.૮૨૫૦/– પુરા મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ટી.પી. શાખાના વલસાડ નગરપાલિકા વિસ્તાર, મોગરાવાડી ઝોન, અબ્રામા ઝોનમાં ટી.પી.ડી.પી.ના નકશા સરકારશ્રીમાંથી પાસ કરવામાં આવેલ સદરહુ નકશાને ગજાનંદ ઝેરોક્ષમાંથી કલરપ્રિન્ટ ૪૨+ ૪૮, ૪૨+ ૪૮, સાઈઝના નંગ–૧૫, નકશા કરાવવામાં આવેલ સદરહુ નકશા પ્રિન્ટ ઝેરોક્ષનું આવેલ બીલ રૂા.૮૨૫૦/–અંકે રૂા.આઠ હજાર, બસો પચાસ પુરાનું આવેલ બીલ ચુકવવા પાત્ર હોય, જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૧૮૦ / તા.:૧૮ –૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૨૩</u>

<u>વિષયઃ–</u> **પ્રમુખશ્રી, લાયન્સ કલબ ઓફ બલસાર, જવાહર સોસાયટી, વલસાડને કલ્યાણ બાગ સર્કલની સામેની જગ્યામાં આવેલ પાણીના પરબના રીનોવેશન બાબતે મંજુરી આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, પ્રમુખશ્રી, લાયન્સ કલબ ઓફ બલસાર, જવાહર સોસાયટી, વલસાડની તા.: ૦૯–૦૮–૨૦૨૧ ની અરજીમાં જણાવ્યા મુજબ કલ્યાણ બાગ સર્કલની સામેની જગ્યામાં લાયન્સ કલબ ઓફ બલસાર ધ્વારા આર.સી.સી. સ્ટ્રકચર બનાવી ઘણા વર્ષોથી શહેરીજનો માટે પીવાના પાણીની પરબની સુવિધા આપી રહયા છે. અને સદરહું પાણીની પરબનું આર.સી.સી. સ્ટ્રકચર હાલે જર્જરીત હાલતમાં હોય, અને હાલે સદરહુ પાણીનું પરબ બંધ હાલતમાં છે. જેથી સદરહું પીવાના પાણીના પરબ બંધ હાલતમાં છે. જેથી સદરહુ પીવાના પાણીના પરબને ઠંડા પાણીનું કુલર મુકી ફરીથી કાર્યરત કરવાનું આયોજન કરેલ છે. જેથી વલસાડ શહેરના શહેરીજનો તેમજ વલસાડ શહેરમાં પ્રવેશ કરતાં મુસાફરોને પીવાના પાણીની સુવિધા મળી રહે. અને સદરહુ કામે નવું આર.સી.સી.સ્ટ્રકચર બનાવવા તેમજ ઠંડા પાણીનું કુલરની સુવિધા આપવા અંગેનો તમામ ખર્ચ લાયન્સ કલબ ઓફ બલસાર ધ્વારા આપવામાં આવનાર હોય, સદરહુ બાબતે પીવાના પરબને રીનોવેશન કરવા માટે જરૂરી અત્રેની કચેરીએથી મંજુરી માંગવામાં આવેલ હોય, સદરહુ કામે લાયન્સ કલબ ઓફ બલસારને તેઓના ખર્ચે પીવાના પાણીની પરબ બનાવવા માટે જરૂરી મંજુરી આપવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૧૮૧ / તા.: ૧૮–૧૦–૨૦૨૧**

---

**<u>કામ નં.–૨૪</u>**

**<u>વિષયઃ–</u> આરોગ્ય શાખાના સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતાં કર્મચારી કિશોરભાઈ મંગુભાઈ પટેલ, તા.ઃ૨૧–૦૩–૨૦૨૧ ના રોજ મરણ પામેલ છે. તેઓને ઔદ્યોગીક એકટ મુજબ ગ્રેજયુઈટી ચુકવવા બાબત.. <u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા– વલસાડના આરોગ્ય શાખામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતાં કર્મચારી કિશોરભાઈ મંગુભાઈ પટેલ, તા.ઃ૨૧–૦૩–૨૦૨૧ ના રોજ મરણ પામેલ છે. તેઓની હંગામી કર્મચારી તરીકેની નોકરીનો કુલ સમયગાળો ૧૭ વર્ષ થાય છે. જે હકીકત ધ્યાને લઈ તેઓને ઔદ્યોગીક એકટ મુજબ નીચે જણાવ્યા પ્રમાણેની ગ્રેજયુઈટી ચુકવવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**– દૈનિક વેતન. રૂા. ૩૩૨.૫૩**

**– ગ્રેજયુઈટીની રકમ રૂા. ૩૩૨.૫૩ × ૧૫ ×૧૭(નોકરીના વર્ષ ) =૮૪,૭૯૫/–**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૧૮૨ / તા.: ૧૮–૧૦–૨૦૨૧

---

<u>કામ નં.–૨૫</u>

<u>વિષયઃ–</u> સને ૨૦૨૧–૨૨ વર્ષ દરમ્યાન વારિગૃહ શાખા માટે "અ" વિભાગ ડી.આઈ.કે.–૯ પાઈપ તથા ફિટિંગ્સ સપ્લાય કરવા અંગે ઓનલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવેલ. જે આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા – વલસાડ ધ્વારા વારીગૃહ શાખા માટે " અ–વિભાગ " ડી.આઈ.કે–૯ પાઈપ તથા ફીટીંગ્સ ખરીદ કરવા વર્ષ ૨૦૨૧–૨૨ માટે વાર્ષિક ભાવ મંગાવવા માહીતી ખાતા મારફત ઈ–ટેન્ડર નોટીશ પ્રસિધ્ધી કરવામાં આવેલ છે સદર ટેન્ડર નોટીશ તા.: ૦૪ / ૦૭/ ૨૦૨૧ ના રોજ દૈનિક પેપર ગુજરાત મીત્ર, અને સંદેશમાં પ્રસિધ્ધી થયેલ છે. સદર ભાવ મંગાવતી ઈ–ટેન્ડર ડોકયુમેન્ટ આઈ.ડી.નંબર : ૪૭૦૫૩૯ થી અપલોડ કરવામાં આવેલ છે. જેમાં કુલ–૨ ટેન્ડરોના ડોકયુમેન્ટ અત્રેની કચેરીએ સમયમર્યાદામાં આવેલ છે. સદરહુ આવેલ ટેન્ડરોના ડોકયુમેન્ટ તા.: ૧૧ / ૦૮/૨૦૨૧ થી ચકાસણી કરી તા.:૦૬/૦૭/૨૦૧૭ ના રોજ ઈ–ટેન્ડરો ઓપન કરતા ૨(બે) ઠેકેદારોને કવોલીફાઈડ ગણવામાં આવેલ છે. સદરહુ વાર્ષિક ટેન્ડરમાં પાર્ટ–૧ માં ૪૦ આઈટમો તથા પાર્ટ–૨ માં ૨૪ આઈટમો મળી કુલ–૬૪ આઈટમોના ભાવો મંગાવવામાં આવેલ છે. સદરહુ ટેન્ડર તા.: ૦૪/૧૦/૨૦૨૧ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. જેમાં બે ઠેકેદારો પૈકી હિરેન સેનેટરી સ્ટોર્સ, અમદાવાદના પાર્ટ–૧ માં ૦૪ આઈટમો તથા પાર્ટ–૨ માં ૦૧ આઈટમો મળી કુલઃ૦૫ આઈટમોમાં ઓછા ભાવ અને વિજય એન્ડ કંપની, અમદાવાદના પાર્ટ–૧ માં ૩૬ આઈટમો તથા પાર્ટ–૨ માં ૨૩ આઈટમો મળી કુલઃ૫૯ આઈટમના ભાવો ઓછા આવેલ છે. ઉપરોકત બાબતોને ધ્યાને લઈ સદરહુ ટેન્ડરમાં જેમના ભાવો ઓછા છે તે મંજુર કરી તેમની પાસેથી ખરીદ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૮૩ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૨૬</u>

<u>વિષયઃ–</u> સને ૨૦૨૧–૨૨ વર્ષ દરમ્યાન વારિગૃહ શાખા જી.આઈ. / સી.આઈ./ ડી.આઈ./ પીવાના પાણીના પાઈપ લાઈન નાંખવાના ( ફકત મજુરી કામ ) અંગે ઓનલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવેલ. જે આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા – વલસાડ ધ્વારા વારીગૃહ શાખા માટે " ડી.આઈ. / જી.આઈ./ સી.આઈ./ પીવાના પાણીની પાઈપ લાઈન નાખવાના ફકત મજુરી કામ માટે વર્ષ ૨૦૨૧–૨૨ માટે વાર્ષિક ભાવ મંગાવવા માહીતી ખાતા મારફત ઈ–ટેન્ડર નોટીશ પ્રસિધ્ધી કરવામાં આવેલ છે સદર ટેન્ડર નોટીશ તા.: ૦૪ / ૦૭/ ૨૦૨૧ ના રોજ દૈનિક પેપર ગુજરાત મીત્ર, અને સંદેશમાં પ્રસિધ્ધી થયેલ છે. સદર ભાવ મંગાવતી ઈ–ટેન્ડર નોટીસ પ્રસિધ્ધી અન્વયે એન–પ્યોકયોરની વેબસાઈટ ઉપર ટેન્ડર ડોકયુમેન્ટ આઈ.ડી.નંબર : ૪૭૦૬૦૨ થી અપલોડ કરવામાં આવેલ છે. જેમાં કુલ–ર ટેન્ડરોના ડોકયુમેન્ટ અત્રેની કચેરીએ સમયમર્યાદામાં આવેલ છે. સદરહુ આવેલ ટેન્ડરોના ડોકયુમેન્ટ તા.: ૧૧ / ૦૮/૨૦૨૧ થી ચકાસણી કરી તા.:૦૬/૦૭/૨૦૧૭ ના રોજ ઈ–ટેન્ડરો ઓપન કરતા ૨(બે) ઠેકેદારોને કવોલીફાઈડ ગણવામાં આવેલ છે. સદરહુ વાર્ષિક ટેન્ડરમાં પાર્ટ–૧ છે જેમાં કુલ–૩૬ આઈટમોના ભાવો મંગાવવામાં આવેલ છે. સદરહુ ટેન્ડર તા.: ૦૪/૧૦/૨૦૨૧ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. જેમાં બે ઠેકેદારો પૈકી ડી.એમ.કન્સ્ટ્રકશન–વાપીના પાર્ટ–૦૧ માં ૦૪ આઈટમો તથા રાજપરા બ્રધર્સ–વાપીના ૩૫,આઈટમોમાં ઓછા ભાવો આવેલ છે. અને ૦૧ આઈટમોમાં બંને કોન્ટ્રાકટરોના ભાવો સરખા આવેલ છે. ઉપરોકત બાબતોને ધ્યાને લઈ સદરહુ ટેન્ડરમાં જે ઓછા છે તે ભાવો મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૮૪ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૨૭</u>

<u>વિષયઃ–</u>વર્ષ ૨૦૨૧–૨૨ માટે વારિગૃહ હેડ વર્કસ ખાતે ક્લોરીન સીલીન્ડર–૧૦૦ કે.જી. કેપેસીટીવાળા તથા ક્લોરીનેટર સપ્લાય કરવાના કામ અંગે ઓફલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવેલ. જે આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા – વલસાડ ધ્વારા વારીગૃહ હેડ વર્કસ ખાતે ક્લોરીન સીલીન્ડર–૧૦૦ કે.જી. કેપેસીટીવાળા તથા ક્લોરીનેટર સપ્લાય કરવાના કામના વર્ષ ૨૦૨૧–૨૨ માટે વાર્ષિક ભાવ મંગાવવા માહીતી ખાતા મારફત ઓફ લાઈન ટેન્ડર નોટીશ પ્રસિધ્ધી કરવામાં આવેલ છે સદર ટેન્ડર નોટીશ તા.: ૨૨ / ૦૬/ ૨૦૨૧ ના રોજ દૈનિક પેપર ગુજરાત મીત્ર, અને ગુજરાત સમાચારમાં પ્રસિધ્ધી થયેલ છે. સદર ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા.: ૦૭ / ૦૭ / ૨૦૨૧ રાખવામાં આવેલ હતી. સદર સમય મર્યાદામાં કુલ ૪ ટેન્ડરો આવેલ છે. સદર આવેલ ટેન્ડર તા.: ૧૧/૦૮/૨૦૨૧ ના રોજ ઓફ લાઈન ટેન્ડરો ઓપન કરવામાં આવેલ છે. જેનું તુલનાત્મક પત્રક તૈયાર કરતા સદરહુ ટેન્ડરમાં જણાવેલ કુલ–૨ આઈટમના ભાવોનું તુલનાત્મક પત્રક તૈયાર કરતા ૪ ટેન્ડરો પૈકી આધ્યા એન્ટરપ્રાઈઝ – વડોદરાના આઈટમ નં.૧ ના રૂા.૧૯૯૭૫/– અને આઈટમ નં.૨ના રૂા.૨૩૨૭૫/– જે બીજા સપ્લાયરો કરતાં ઓછા આવેલ છે. જેને ધ્યાને લઈ આવેલ ઓછા ભાવો મંજુર કરી, આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૧૮૫ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૨૮</u>

<u>વિષયઃ–</u> વર્ષ ૨૦૨૧–૨૨ માટે વારિગૃહ હેડ વર્કસ ખાતે થી ૧૦૦ કે.જી.ના ખાલી ક્લોરીન સીલીન્ડરલઈ જઈ ક્લોરીન ગેસ રીફીલીંગ કરી ફરી વારીગૃહ હેડ વર્કસ ખાતે લાવવાનું કામ અંગે ઓફલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવેલ. જે આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા – વલસાડ ધ્વારા વારીગૃહ હેડ વર્કસ ખાતેથી ૧૦૦ કે.જી.ના ખાલી ક્લોરીન સીલીન્ડર લઈ જઈ ક્લોરીન ગેસ રીફીલીંગ કરી ફરી વારીગૃહ હેડ વર્કસ ખાતે લાવવાના કામના વર્ષ ૨૦૨૧–૨૨ માટે વાર્ષિક ભાવ મંગાવવા માહીતી ખાતા મારફત ઓફ લાઈન ટેન્ડર નોટીશ પ્રસિધ્ધી કરવામાં આવેલ છે સદર ટેન્ડર નોટીશ તા.: ૨૨ / ૦૬/ ૨૦૨૧ ના રોજ દૈનિક પેપર ગુજરાત મીત્ર, અને ગુજરાત સમાચારમાં પ્રસિધ્ધી થયેલ છે. સદર ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા.: ૦૭ / ૦૭ / ૨૦૨૧ રાખવામાં આવેલ હતી. સદર સમય મર્યાદામાં કુલ ૩ ટેન્ડરો આવેલ છે. સદર આવેલ ટેન્ડર તા.: ૧૧/૦૮/૨૦૨૧ ના રોજ ઓફ લાઈન ટેન્ડરો ઓપન કરવામાં આવેલ છે. જેનું તુલનાત્મક પત્રક તૈયાર કરતા સદરહુ ટેન્ડરમાં જણાવેલ કુલ–૧ આઈટમના ભાવોનું તુલનાત્મક પત્રક તૈયાર કરતા ૩ ટેન્ડરો પૈકી દિવ્યા એજન્સી – વડોદરાના આઈટમ નં.૧ માટે (૧) અતુલ વલસાડથી લાવવાના રૂા.૨૭૫૦/– અને (૨) જી.એ.સી.એલ. વડોદરાથી લાવવાના રૂા. ૩૦૮૫/– જે બીજા સપ્લાયરો કરતાં ઓછા આવેલ છે. જેને ધ્યાને લઈ આવેલ ઓછા ભાવો મંજુર કરી, આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૮૬ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૨૯</u>

<u>વિષયઃ–</u>વર્ષ ૨૦૨૧–૨૨ માટે વારિગૃહ હેડ વર્કસ ખાતે આવેલ ડેમમાંથી રેતી–ગ્રાવલ કાઢી માલીકી હકકે લઈ જવાના કામ માટે ઓફલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવેલ. જે આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા – વલસાડ ધ્વારા વારીગૃહ હેડ વર્કસ ખાતે આવેલ ડેમમાંથી રેતી ગ્રાવલ કાઢી માલિકી હકકે લઈ જવાના કામના વર્ષ ૨૦૨૧–૨૨ માટે વાર્ષિક ભાવ મંગાવવા માહીતી ખાતા મારફત ઓફ લાઈન ટેન્ડર નોટીશ પ્રસિધ્ધી કરવામાં આવેલ છે સદર ટેન્ડર નોટીશ તા.: ૨૨ / ૦૬/ ૨૦૨૧ ના રોજ દૈનિક પેપર ગુજરાત મીત્ર, અને ગુજરાત સમાચારમાં પ્રસિધ્ધી થયેલ છે. સદર ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા.: ૦૭ / ૦૭ / ૨૦૨૧ રાખવામાં આવેલ હતી. સદર સમય મર્યાદામાં કુલ ૨ ટેન્ડરો આવેલ છે. સદર આવેલ ટેન્ડર તા.: ૧૧/૦૮/૨૦૨૧ ના રોજ ઓફ લાઈન ટેન્ડરો ઓપન કરવામાં આવેલ છે. જેનું તુલનાત્મક પત્રક તૈયાર કરતા સદરહુ ટેન્ડરમાં જણાવેલ કુલ–૨ આઈટમના ભાવોનું તુલનાત્મક પત્રક તૈયાર કરતા ૨ ટેન્ડરો પૈકી ઉમેશ કાલીદાસ માંગેલા–કી.પારડીના આઈટમ નં.૧ રેતી એક ટ્રક ( બે બ્રાસ) ના રૂા.૫૬૦/–અને આઈટમ નં.૨ ગ્રાવલ એક ટ્રક ( બે બ્રાસ) ના રૂા. ૧૧૦/– જે બીજા સપ્લાયરો કરતાં વધુ ભાવો આવેલ છે. જેને ધ્યાને લઈ આવેલ વધુ ભાવો મંજુર કરી,જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૧૮૭ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૩૦</u>

<u>વિષય:–</u> વારિગૃહ હેડ વર્કસ ખાતે નવો બનાવેલ ૧૧ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવા માટે ૬.૫ એમ.એલ.ડી.વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ૧૮'' ડાયાની રો–વોટર પાઈપલાઈન સાથે જોડાવા માટે એ.એ.એન્જીનીયર્સ–અમદાવાદ સદર કામનો એસ્ટીમેટ રૂા.૧,૭૦,૦૦૦/–મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વારિગૃહ હેડ વર્કસ ખાતે અબ્રામા, મોગરાવાડી વિસ્તારમાં પાણી પહોંચાડવાના કામે નવો બનાવેલ ૧૧ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવાના કામે ૬.૫ એમ.એલ.ડી.વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે નાંખવામાં આવેલ ૧૮'' ડાયાની રો–વોટર મેઈન પાઈપ લાઈનમાં જોઈન્ટ કરવાના કામે એ.એ. એન્જીનીયર્સ,અમદાવાદ પાસે એસ્ટીમેઈટ મંગાવવામાં આવેલ છે. જે અંગે નીચે જણાવેલ સદર કામગીરી અંગેના એસ્ટીમેઈટ આવેલ છે.

| અ.નં. | કામની વિગત | નગરપાલિકા આવક નં. | તારીખ | રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | ૬૫ એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે નાખવામાં આવેલ ૧૮''ડાયાની મેઈન રો–વોટર પાણી પાઈપલાઈન કટીંગ કરી ૬ ફુટનો ૧૮''ડાયાનો એમએસ પાઈપ કટીંગ કરી બંને બાજુ ૧૮'' ડાયાની ફલાય બીલ્ડીંગ કરી ૧૮'' ડાયાનો કોલર બેસાડી ૧૮'' ડાયાની ટી લગાડી ૧૮'' ડાયાનો વાલ્વ બંને સાઈટ બેસાડીની કામગીરી કરી ૧૮'' ડાયાની એમ.એસ.ટી.બેસાડી ફીટીંગ કરી ચાલુ કરવાની કામગીરી. | ૬૧૬ | ૨૮/૦૪/૨૦૨૧ | ૧૨૫૦૦૦ |
| ૨ | નવો એમએલડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં રો–વોટર પહોંચાડવાના કામ માટે નાખવામાં આવેલ ૧૮'' ડાયાની મેઈન રો–વોટર પાણી પાઈપલાઈન કટીંગ કરી રાઈટ એંગલ બનાવી ૧૮'' ડાયાનો એમએસ પાઈપ કટીંગ કરી | ૬૧૫ | ૨૮/૦૪/૨૦૨૧ | ૪૫૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૮" ડાયાનો ડી.આઈ.પાઈપ લાઈનમાં સી.આઈ.ફલાય વેલ્ડીંગ કરી ફીટીંગ કરી ચાલુ કરવાની કામગીરી. | | | |
| | | | કુલ | ૧૭૦૦૦૦ |

ઉપરોકત મુજબ નવો ૧૧ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવાના કામે એ.એ. એન્જીનીયર્સનું બંને કામના રૂા.૧,૭૦,૦૦૦/– આવેલ છે. જે મંજુર કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૮૮ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

**કામ નં.–૩૧**

વિષયઃ– વારિગૃહ હેડ વર્કસ ખાતે જુનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ૭૫ એચ.પી.ની મોટર બળી ગયેલ જેને રીપેરીંગ કરાવેલ જેને ફરીથી ગોઠવવાની કામગીરી એ.એ. એન્જીનીયર્સ– અમદાવાદ પાસે કરાવવામાં આવેલ જે કરાવેલ કામગીરીને બહાલ રાખી આવેલ બીલ રૂા.૧૪,૪૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વારિગૃહ હેડ વર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં પ્યોર વોટર પંપ રૂમમાં મુકવામાં આવેલ ૭૫ HP સબમર્શીબલ મોટર પંપ તા.:૨૬/૦૬/૨૦૨૦ નાં રોજ બળી ગયેલ હતી. તેનું રીવાઈડીંગ કામ હિતેન્દ્ર ઈલેકટ્રીક વર્કસ વલસાડ પાસે વો.વ.ક.ઠ.નં.૬૮ / તા.:૨૮/૦૯/૨૦૨૦ થી મંજુર થયેલ ભાવે કરાવવામાં આવેલ છે. પરંતુ તા.:૨૭/૧૧/૨૦૨૦ નાં રોજ સદર મોટરમાં ફરીથી ઈલેકટ્રીક ફોલ્ટ થતાં બંધ પડી જતાં તેની બહાર કાઢી તેની ફરીથી તેને હિતેન્દ્ર ઈલેકટ્રીક વર્કસ વલસાડ પાસે રીપેરીંગ કામ કરવામાં આવેલ છે. સદર મોટરને ફરીથી પ્લાન્ટમાં ગોઠવવાની કામગીરી ડિપાર્ટમેન્ટલી ન થવાના કારણે સદર કામગીરી અતિ આવશ્યક હોવાથી અગાઉ જય ઈલેકટ્રીક વર્કસ, અમદાવાદ, પાસે વો.વ. ક.ઠ. નં.–૪૨ / તા.: ૧૬/૦૮/૨૦૨૦ થી મંજુર થયેલ ભાવ મુજબ કરવામાં આવેલ પરંતુ સદર કોન્ટ્રાકટરને વારંવાર જાણ કરવા છતાં સદર કામગીરી ન કરેલ હોય જેથી સદર કામગીરી એ.એ.એન્જીનીયર્સ, અમદાવાદ પાસે ઉપરોકત વોટર વર્કસ કમીટીના મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરવામાં આવેલ છે. જેને બહાલ રાખી તે અંગેનું આવેલ બીલ ન.પા. આવક નં.૧૩૩૦ / તા.:૨૨/૦૬/૨૦૨૧ રૂા.૧૪,૪૦૦/–અંકે રૂા.ચૌદ હજાર, ચારસો પુરા ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૧૮૯ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>કામ નં.–૩૨</u>**

**<u>વિષય:–</u> વારિગૃહ શહેર ખાતે પીવાના પાણીની પાઈપ લાઈનના કામ માટે વપરાતું શણની ખરીદી કરેલ જે અંગેનું બીલ રૂા.૧૧,૩૩૦/– મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના વારીગૃહ શાખા ધ્વારા વલસાડ શહેરમાં જુદી જુદી જગ્યાએ પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવામાં આવેલ છે. સદરહું પાઈપ લાઈન જુની થતાં પાઈપ લીંકેજની સમસ્યા ઉપસ્થિત થાય છે. જેથી સદરહુ સમસ્યાને નિવારવા તેમજ પીવાના પાણીની પાઈપ લાઈન રાબેતા મુજબ કાર્યરત રાખવા માટે લીંકેજ થયેલ પાઈપલાઈનને રીપેરીંગ કરવાની જરૂરીયાત હોય, જેથી સદરહુ કામે જરૂરી માલ–સામાન જેવી કે શણની જરૂરીયાત મુજબની ખરીદી વલસાડના સ્થાનિક વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ, આઝાદ ચોક, વલસાડ પાસેથી સને : ૨૦૧૮–૧૯ ના મંજુર થયેલ ભાવોથી ખરીદી કરવામાં આવેલ, સદરહુ ખરીદી કરેલ માલ–સામાન અંગેનું આવેલ બીલ રૂા. ૧૧,૩૩૦/– અંકે રૂા. અગીયાર હજાર, ત્રણસો ત્રીસ પુરાનું ચુકવણું કરવા માટે બીલ બનાવવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**વધુમાં,રૂા.૨૦,૦૦૦/–અંકે રૂા.વીસ હજાર સુધીની રકમના બીલો મંજુર કરવા ચીફ ઓફીસરશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૧૯૦ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

કામ નં.–૩૩

વિષયઃ– વારિગૃહ હેડ વર્કર્સ તેમજ શહેર ખાતે તમામ પ્લાન્ટમાં ૭૫ એચ.પી.તેમજ ૧૦૦ એચ.પી. સબમર્સીબલ મોટર પંપ નવા બેસાડવામાં આવેલ છે. પરંતુ આકસ્મિક ઈલેકટ્રીક ફોલ્ટ થાય તેવા સંજોગે મોટર બળી જવાથી પાણીનો સપ્લાય બંધ નહીં રહે તે માટે સ્ટેન બાય ૭૫ એચ.પી.૧ અને ૧૦૦એચ.પી.૧નવી મોટર ખરીદ કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વારીગૃહ હેડ વર્કસ ખાતે આવેલ જુનો, લામેલા,૬૫ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના તમામ રો–વોટર પમ્પમાં તેમજ પ્યોર વોટર પમ્પનું કલ્યાણ બાગ અંદર ગ્રાઉન્ડ સમ્પ, વાલ્યા અંદર ગ્રાઉન્ડ સમ્પ, અબ્રામા વાલ્યા ફળિયા અંદર ગ્રાઉન્ડ સમ્પના પમ્પ રૂમમાં ૭૫ એચ.પી.સબમર્સીબલ તેમજ ૧૦૦ એચ.પી. સબમર્સીબલ મોટર પમ્પ રાજશ્રી એન્જીનીયર, અમદાવાદ તરફથી ગોઠવવામાં આવેલ છે. જે હાલે કાર્યરત છે.

વધુમાં, જણાવવાનું કે, ઉપરોકત જણાવેલ વારીગૃહ શાખાના પમ્પ રૂમોમાં (૧+૧) ૭૫ એચ.પી.સબમર્સીબલ મોટર પમ્પ ગોઠવવામાં આવેલ છે. જેમાં વખતો વખત આકસ્મીક ઈલેકટ્રીક ફોલ્ટ થતાં હોય છે. તેમજ ઘણી વખત મોટર બળી જતી હોય છે. આવા સંજોગોમાં પાણી પહોંચાડવા માટે એકજ મોટર સતત ચાલતી હોય છે. કોઈ સંજોગોમાં એમાં ઈલેકટ્રીક ફોલ્ટ / બળી જાય તો શહેરીજનોને પાણી પહોંચાડવાનું બંધ થઈ જાય અને ખૂબજ તકલીફ પડતી હોય છે. જેથી આવા સંજોગોમાં તકલીફ ન થાય એ માટે અવા સંજોગોમાં શહેરીજનોને પાણી પહોંચાડવામાં અગવડતા ન થાય એ માટે ઉપરોકત જણાવેલ પમ્પરૂમો માટે ૧૦૦ એચ.પી. સબમર્સીબલ મોટર પમ્પ અને ૭૫ એચ.પી.સબમર્સીબલ મોટર પમ્પ (રાજશ્રી એન્જીનીયર,અમદાવાદ)ની બનાવતાને સ્ટેન્ડબાય રાખવા માટે સબમર્સીબલ મોટર ખરીદ કરવા માટેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૧૯૧ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૩૪</u>

<u>વિષયઃ–</u> વારિગૃહ હેડ વર્કસ ખાતે ૭૫ એચ.પી.તેમજ ૧૦૦ એચ.પી.પેનલ બોર્ડના ઈલેકટ્રીક સ્પેર પાર્ટસ રાજશ્રી એન્જીનીયર્સમાંથી ખરીદ કરવામાં આવેલ જે થયેલ કામગીરીને બહાલ રાખી જેનો ખર્ચ રૂા.૨,૫૬,૭૪૯/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વારિગૃહ હેડ વર્કસ ખાતે આવેલ ત્રણ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો–વોટર પ્યોર વોટર પ્લાન્ટ પંપ હાઉસમાં તેમજ વારિગૃહ કલ્યાણ બાગ ટાંકી, અબ્રામા વાલ્યા ફળિયા પંપ હાઉસ ખાતે ૭૫ એચ.પી.તેમજ ૧૦૦ એચ.પી.મોટર તેમજ તેના મોટરના બોર્ડ પેનલ બોર્ડના ( સ્ટાટર ) માં મુકવામાં આવેલ છે. જરૂરી ઈલેકટ્રીક સ્પેર પાર્ટસ વખતો વખત વીજ ડિફોલ્ટને કારણે બગડી જતાં હોય છે. વધુમાં સદર ઉપરોકત જણાવેલ તમામ પ્લાન્ટોમાં રાજશ્રી એન્જી.અમદાવાદ તરફથી મોટર પંપો તેમજ તેમના સ્ટાટરો ગોઠવવામાં આવે છે. તેમના જરૂરી ઈલેકટ્રીક સ્પેરપાર્ટ સ્થાનિક બજારોમાં ન મળતા હોય ટેન્ડર પ્રક્રિયા કરેલી નથી. જરૂરી સ્પેરપાર્ટ તેમની પાસે જ મળતા હોય.ઈમરજન્સીમાં તેમની પાસે ખરીદ કરવામાં આવેલ છે. જે અંગેનું આવેલ બીલ રૂા.૨,૫૬,૭૪૯/– અંકે રૂા.બે લાખ, છપ્પન હજાર, સાતસો ઓગણપચાસ પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૧૯૨/ તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૩૫</u>

<u>વિષયઃ–</u>વલસાડ પારડી વિસ્તારમાં નવી બનાવેલ ટાંકીમાંથી યાદવ નગર વિસ્તારની જુની લાઈનને નવી લાઈન સાથે જોડવાની કામગીરી મે. રાજપરા બ્રધર્સ પાસે કરાવેલ. જે થયેલ કામગીરીને બહાલ રાખી જેનો ખર્ચ રૂા.૮૭,૧૨૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં હાલે પીવાના પાણીની જુની ડિસ્ટ્રીબ્યુશન પાઈપ લાઈન આવેલ છે. તેમાંથી પાણીનો સપ્લાય આપવામાં આવે છે. સદર વિસ્તારમાં નવી ઓવર હેડ ટાંકી બનાવવામાં આવેલ છે. જેની પાઈપ લાઈનનું કનેકશન બુસ્ટર પંપ આગળથી કરવામાં આવેલ છે. પરંતુ સદર લાઈનમાંથી ત્યાંના રહીશોને પાણીનો પ્રવાહ બિલકુલ ધીમો મળતો હોવાથી પાણી ઓછું. મળવાની ફરિયાદો થયેલ છે. અને સદર વોર્ડના સભ્યશ્રીની પણ રજુઆતો થતી રહેલ છે. જેથી જુની હયાત લાઈનને ટાંકીની ડિસ્ટીબ્યુશન લાઈન નજી જોઈન્ટ કનેકશન કરવાની કામગીરી જાણકાર કોન્ટ્રાકટરશ્રી રાજપરા બ્રધર્સ– વાપી પાસે કરાવવા માટે વ.જા.નં.–૩૧/ તા.:૦૧/૧૦/૨૦૨૦ થી ત્રણ જગ્યાની કામગીરી માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. તે પૈકી એક કામ વલસાડ પારડી યાદવ નગરની લાઈનને જોડાવાની કામગીરી કોન્ટ્રાકટરશ્રી તરફથી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર કામગીરી અંગે કોન્ટ્રાકટરશ્રી તરફથી નગરપાલિકા આવક નં.૧૦૪૫ / તા.: ૦૭/૦૬/૨૦૨૧ થી જરૂરી કલેમ સહિતનું બીલ રૂા.૮૭,૧૨૦/–અંકે રૂા.સત્યાંશી હજાર, એકસો વીસ પુરાનું આવેલ છે. સદર થયેલ કામગીરીને બહાલી આપી બીલનું ચુકવણું કરવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૧૯૩ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૩૬</u>

<u>વિષય:–</u>મોગરાવાડી સ્ટેશનની બાજુમાં પીવાના પાણીની લાઈન ગટરમાંથી પસાર થતી હતી. જે ઉંચી કરવામાં આવેલ સદર કામગીરી મે.રાજપરા બ્રધર્સ પાસે કરાવેલ. જે થયેલ કામગીરીને બહાલ રાખી જેનો ખર્ચ રૂા.૭૧,૦૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં મોગરાવાડી સ્ટેશનની બાજુમાં પીવાના પાણીની ૨૫૦ એમ.એમ.ડાયાની ડી.આઈ. પાઈપલાઈન ત્યાં આગળ આવેલ ગટરમાંથી પસાર થતી હતી. જેના કારણે ગટરના પાણીના નિકાલ માટે પણ અવરોધરૂપ હતી લાંબે ગાળે કાટ લાગવાથી લીકેજ થવાની સંભાવના હોવાને કારણે સદર પાઈપ લાઈનને ગટરના લેવલ થી ૨.૫ ફુટ જેટલી ઉંચી કરવાની જરૂર જણાયેલ તેમજ સદર કામગીરી કરવા માટે સદર વોર્ડના નગરપાલિકાના સભ્યશ્રીની રજુઆત થતાં સદર કામગીરીના જાણકાર કોન્ટ્રાકટરશ્રી રાજપરા બ્રધર્સ – વાપી પાસે સદર કામગીરી કરાવવામાં આવેલ છે. જે અંગે નગરપાલિકા આવક નં.૧૬૨૫ / તા.: ૦૫/૦૭/૨૦૨૧ થી માલસામાન સહિતનું બીલ રૂા.૭૧૦૦૦/–અંકે રૂા.એકોતેર હજાર પુરાનું આવેલ છે. સદર થયેલ કામગીરીને બહાલી આપી બીલનું ચુકવણું કરવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં. ૧૯૪ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>કામ નં.–૩૭</u>**

**<u>વિષયઃ–</u> મદનવાડ પાણીની ટાંકીનો મેઈનવાલ માટે નવા એસ.એસ.સ્પીંડલ તથા નટ ખરીદ કરવા આવેલ ભાવપત્રક મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,મદનવાડ વિસ્તારમાં આવેલ પાણીની ટાંકી ઉપરનો મેઈન વાલ્વનો Spindle ખરાબ થઈ ગયેલ છે. જેથી નવો S.S. Spindle Site 50.00 X 840mm long તથા G.M. નટ (ધનમેટલ) નવો બનાવવાની જરૂર છે. જે અંગે સ્થાનિક બજારમાંથી ખરીદ કરવાની જરૂરીયાત થતાં ભાવો મંગાવેલ છે. જેનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે, ઓમ એન્જીનીયરીંગ વર્કસ,પારનેરા, ચણવઈ રોડ,અતુલ,વલસાડના ભાવો સૌથી ઓછા હોય,જે ઓછા આવેલ ભાવો મંજુર કરી, કામગીરી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવેલ છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૧૯૫ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૩૮</u>

<u>વિષયઃ–</u> વારિગૃહ હેડ વર્કસ, કલ્યાણબાગ અંદર ગ્રાઉન્ડ સંપ તેમજ અબ્રામા વાલિયા ફળિયા ખાતે આવેલ પંપ હાઉસની મોટરો માટેના ઈલેકટ્રીક પેનલ બોર્ડના સ્પેરપાર્ટ ખરીદ કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વારિગૃહ હેડ વર્કસ ખાતે આવેલ ત્રણ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના રો–વોટર પ્લાન્ટના પંપ હાઉસમાં, પ્યોર વોટર પ્લાન્ટ પંપ હાઉસમાં તેમજ વારિગૃહ કલ્યાણ બાગ ટાંકી, અંદર ગ્રાઉન્ડ સંપના પંપ હાઉસમાં તેમજ અબ્રામા વાલિયા ફળિયા અંદર ગ્રાઉન્ડ સંપના પંપ હાઉસ ખાતે ૭૫ એચ.પી. મોટર ૧૦૦ એચ.પી. મોટર ગોઠવવામાં આવેલ છે. સદર મોટર બોર્ડ પેનલ બોર્ડના (સ્ટાટર) માં મુકવામાં આવેલ જુદા જુદા ઈલેકટ્રીક સ્પેરપાર્ટ વખતો વખત વીજ ડીફોલ્ટને કારણે  બગડી (બળી) જતાં હોય છે. વધુમાં, સદર મોટરોના પેનલ ઈલેકટ્રીક માલ–સામાન સ્થાનિક બજારમાં મળતા ન હોય, આથી ઉપરોકત જણાવેલ તમામ પ્લાન્ટોમાં તમામ મોટર પંપો રાજશ્રી એન્જી. અમદાવાદ તરફથી ગોઠવવામાં આવેલ હોય, અને તેના જરૂરી સ્પેરપાર્ટસ તેમની પાસેજ મળતા, જરૂરી ઈલેકટ્રીક સ્પેરપાર્ટ ખરીદી માટે સપ્લાયર પાસે તપાસ કરતાં અંદાજીત ખર્ચ રૂા. ૪,૦૦,૦૦૦/–અંકે રૂા. ચાર લાખ જણાવેલ છે. જે મંજુર કરી, ઈજનેરશ્રી, વારીગૃહ શાખાના  રીપોર્ટમાં જણાવ્યા મુજબના સ્પેર પાર્ટસ ની ખરીદી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા  જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૯૬/ તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

કામ નં.–૩૯

વિષયઃ–વારિગૃહ શાખામાં હેડ વર્કસ ખાતે શહેર ખાતે તેમજ અબ્રામા વાલ્યા ફળિયા મોગરાવાડી ખાતે આવેલ ઓવર હેડ ટાંકીઓ તેમજ અંદર ગ્રાઉન્ડ સંપને સાફ સફાઈ કરવા માટે એજન્સી પાસે ભાવો મંગાવી કામગીરી કરાવવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,_વારિગૃહ શાખામાં હેડ વર્કસ ખાતે શહેર ખાતે તેમજ અબ્રામા વાલ્યા ફળિયા મોગરાવાડી ખાતે આવેલ અંદર ગ્રાઉન્ડ સંપ તેમજ ઓવર હેડ ટાંકી કલેરીફોકયુલેટર આવેલ છે. વધુમાં શહેરી જનોને પીવાનું પાણી શુધ્ધ મળી રહે તે માટે વખતો વખત અંદર ગ્રાઉન્ડ સંપ તેમજ ઓવર હેડ ટાંકીને સાફ સફાઈ કરવામાં આવે છે. વધુમાં હાલે કામદારની ઘટ વટાર્તી હોય તેમજ વારીગૃહ શાખામાં અન્ય બીજા કામો રહેતા હોય તેથી અંદર ગ્રાઉન્ડ સંપ તેમજ ઓવર હેડ ટાંકી સાફ સફાઈ કરવામાં વિલંબ થતો હોય છે. વધુમાં, હાલે સદર કામગીરી જુની પધ્ધતિએ કરવામાં આવે છે. આવા સંજોગોમાં સદર સાફ સફાઈ કરવાની કામગીરી આધુનિક પધ્ધતિથી કરવાની જરૂર હોય કામગીરી કરતી એજન્સી પાસે, જાહેરાત આપી ભાવો મેળવી, સદરહું કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૯૭ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૪૦</u>

<u>વિષયઃ–</u> વારિગૃહ હેડ વર્કસ ખાતે ગેટનું  રીપેરીંગ / નવો બનાવવાનું કામ કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વારિગૃહ હેડ વર્કસ ખાતે આવેલ મેઈન ગેટ તેમજ ડેમ તરફ જવા માટેનો ગેટ નવો ૧૫ એમ.એલ.ડી.વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવેલ તેની મેઈન પાઈપ લાઈન ૧૮"ડાયાની નાંખવાના કામે બંને ગેટમાંથી પસાર થવાથી ખરાબ થઈ ગયેલ હોવાથી કાઢી નાખવામાં આવેલ છે. વારિગૃહ હેડ વર્કસ ખાતેના કમ્પાઉન્ડમાં  બહારના માણસોની અવર–જવર ન થાય  એ માટે સદર ગેટોમાં નવી ચેઈન ઉભી  કરી રીપેરીંગ કામ / નવો બનાવવાનું કામ કરાવવાની  જરૂરીયાત હોય સદર કામગીરી અંગે અંદાજીત ખર્ચ રૂા.૨૦,૦૦૦/– થાય એમ છે.જેને ધ્યાને લઈ સદર કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં, હાલે એ.એ.એન્જીનીયર્સ– વલસાડ ધ્વારા  ૧૫ એમ.એલ.ડી.વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવા માટેની રો–વોટર પાઈપ લાઈન નાખવાની કામગીરી ચાલુ છે. સદર કોન્ટ્રાકટરને સદર જરૂરી મેઈન ગેટ તેમજ ડેમ પર જવા માટેનો ગેટ નવો બનાવવા સ્થળ પર બોલાવી કામગીરી કરાવવા જણાવેલ છે. જે એમણે મટીરીયલ્સ તેમજ લેબરકામ ઉપરોકત જણાવેલ રકમનો એસ્ટીમેઈટ જણાવેલ છે. ઉપરોકત હકીકતોને ધ્યાને લઈ સદર કામગીરી તેમની પાસે કરાવવા માટેની જરૂરી આગળની કાર્યવાહી કરાવવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૯૮ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૪૧</u>

<u>વિષયઃ–</u> વારિગૃહ હેડ વર્કસ ખાતે જુનો ૧૧ એમ.એલ.ડી. વિગેરે ત્રણેય વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં કલોરીનેશન માટે બ્લીચિંગ નાખવા નીચે ઉતારવા  નાખવા નીચે ઉતારવા ચઢવા માટે સીડી બનાવવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વારિગૃહ હેડ વર્કસ ખાતેજુનો ૧૧ એમ.એલ.ડી.વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના  ફિલ્ટર પ્લાન્ટના ૩ ફિલ્ટર બેડના નીચેના ભાગમાં ત્રણેય ફિલ્ટર બેડના ફિલ્ટર ચાલુ બંધ કરવાનો વાલ્વ, વોશ આઉટ વાલ્વ, ઓવર હેડ ટાંકીના વાલ્વ આવેલ છે. સદર વાલ્વો દરરોજ ઓપરેટ થતાં હોવાથી વખતો વખત એના સ્પેર–પાર્ટસ તેમજ વાલ્વ ખરાબ થઈ જતાં હોવાથી તેને રીપેરીંગ કામ કરવામાં આવે છે. તેમજ પાણીના કલોરીનેશન માટે સમય સમયે બ્લીચીંગ પાવડર નીચેના ભાગમાં નાખવામાં આવતો હોય છે. આ અંગે ત્રણેય ફિલ્ટર બેડના નીચે જવા માટે લોખંડની સીડી કાટ લાગવાથી ખરાબ થઈ ગયેલ હોવાથી હાલે ફાયર શાખામાંથી સીડી લાવી કામ કરવામાં આવેલ છે. જેથી સદર સીડી ૪ મીટર લાંબી તેમજ ૨.૫ ફુટ પહોળાઈ બનાવવાની જરૂર હોય હાલે એ.એ. એન્જીનીયર્સ,વલસાડ ધ્વારા ૧૫ એમ.એલ.ડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવા માટેની રો–વોટર પાઈપ લાઈન નાખવાની કામગીરી ચાલે છે. સદર કોન્ટ્રાકટરને સદર જરૂરી સીડી બનાવવા માટે સ્થળ પર બોલાવી કામગીરી કરાવવા જણાવેલ હોય જે અંગે એમણે મટીરીયલ્સ તેમજ લેબર સાથે રૂા. ૪૦,૦૦૦/–અંકે રૂા. ચાલીસ હજારનું એસ્ટીમેઈટ  જણાવેલ છે.ઉપરોકત હકીકતોને ધ્યાનમાં લઈ, જણાવેલ એસ્ટીમેઈટ મંજુર કરી, સદર કામગીરી તેમની પાસે કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા  જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૧૯૯ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૪૨</u>

<u>વિષય:–</u>વારિગૃહ હેડ વર્કસ ખાતે અબ્રામા મોગરાવાડી વિસ્તારને પાણી પહોંચાડવા માટેના નવો ૧૧ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પાણી શુધ્ધીકરણ માટે ફટકડી બ્લીચીંગ નાંખવા નીચે ચઢ ઉતરવા સીડી બનાવવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વારિગૃહ હેડ વર્કસ ખાતે હાલે અબ્રામા, મોગરાવાડી ,વિસ્તારને માટે પાણી પહોંચાડવા માટે નવો ૧૧ એમ.એલ.ડી.વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે. સદર પ્લાન્ટમાં રો–વોટરને શુધ્ધીકરણ માટે કલોરીનેશન કરવા માટે લુઝ ફટકડી, બ્લીચીંગનો ઉપયોગ કરવામાં આવે છે. જે માટે ગોડાઉનથી રો–વોટર સુધી નાખવા માટે જરૂરી સીડી બનાવી તે માટે જગ્યાની ગોઠવણની કામગીરી કરવામાં આવેલ નથી. જેથી સદર કામગીરી કરવાની ખાસ જરૂરીયાત હોય જરૂરી સીડી ૨૦ ફુટ લંબાઈની તેમજ ૨.૫ ફુટ પહોળાઈની સીડી બનાવવાની જરૂરીયાત હોય, એ.એ. એન્જીનીયર્સ,વલસાડ ધ્વારા ૧૫ એમ.એલ.ડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવા માટેની રો–વોટર પાઈપ લાઈન નાખવાની કામગીરી ચાલે છે. સદર કોન્ટ્રાકટરને સદર જરૂરી સીડી બનાવવા માટે સ્થળ પર બોલાવી કામગીરી કરાવવા જણાવેલ હોય જે અંગે એમણે મટીરીયલ્સ તેમજ લેબર સાથે રૂા. ૬૦,૦૦૦/–અંકે રૂા. સાંઠ હજારનું એસ્ટીમેઈટ જણાવેલ છે.ઉપરોકત હકીકતોને ધ્યાનમાં લઈ, જણાવેલ એસ્ટીમેઈટ મંજુર કરી, સદર કામગીરી તેમની પાસે કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં. ૨૦૦ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>કામ નં.–૪૩</u>**

**<u>વિષયઃ–</u>પીવાના પાણીની પાઈપ લાઈનના કામ માટે પ્લમ્બરીંગ લાઈસન્સ મેળવવા અરજદારશ્રી નિર્મલ ગોપાળભાઈ બારિયાની આવેલ અરજી બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,અરજદારશ્રી નિર્મલ ગોપાળભાઈ બારિયા,બી–૪૨, જીવનધારા સોસાયટી, લીલાપોર, વલસાડએ પાઈપ લાઈનના કામ માટેના વલસાડ નગરપાલિકા તરફથી પ્લબરીંગ લાયસન્સ મેળવવાની માંગણી કરેલ છે.**

**અરજદાર પ્લબરીંગ કામગીરીના જાણકાર હોય તેઓ સદર કામગીરી અંગે સર્ટીફીકેટ ધરાવતા હોય, જે બાબતોને ધ્યાને લઈ પ્લબરીંગ લાયસન્સ માટે વલસાડ નગરપાલિકાના જનરલ બોર્ડ ઠરાવ નં.૧૩૧ / તા.:૨૯/૧૦/૨૦૦૪ થી એક વર્ષ માટેના લાયસન્સ ફી રૂ.૧૦૦/– મંજુર કરવામાં આવેલ છે. તે મુજબ પ્લબરીંગ લાયસન્સ ફી લઈ પ્લબરીંગ લાયસન્સ આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૦૧ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>કામ નં.–૪૪</u>**

**<u>વિષયઃ–</u>વાલિયા ફળિયા ખાતે આવેલ પંપ હાઉસ માટે પેનલ બોર્ડ માટે સ્વિચ રોકડેથી ખરીદી કરેલ જે ખરીદીને બહાલી આપી ખર્ચ મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અબ્રામા તેમજ મોગરાવાડી વિસ્તારોમાં પીવાના પાણી માટે વાલિયા ફળિયા ખાતે આવેલ પંપ હાઉસ આવેલ છે જેમાં મોટરો માટેની પેનલ બોર્ડની સ્વિચ બળી ગયેલ જેના કારણે પાણી આપવાનું બંધ થયેલ. જેથી નીચે જણાવ્યા મુજબનો માલ સામાન સ્થાનિક બજારમાં મળતો ન હોવાથી તા.:૧૩ / ૦૭ /૨૦૨૧ ના રોજ વાપીથી પ્રકાશ કોર્પોરેશનમાંથી રોકડેથી ખરીદ કરવામાં આવેલ છે. જેનું ચુકવણું ધર્મેશ આર. પટેલે કરેલ છે. અને કામગીરી પૂર્ણ કરી પાણીનો સપ્લાય ચાલુ કરેલ છે. સદર કામગીરી તાત્કાલિક કરવાની હોવાથી ખરીદી કરવાની પૂર્વ મંજુરી મેળવી શકેલ નથી. તેમજ વર્ક ઓર્ડર આપી શકેલ નથ. થયેલ કામગીરીને બહાલ રાખી ચૂકવેલ રકમ રૂા.૧૦,૭૭૧/–અંકે રૂા.દશ હજાર, સાતસો એકોતેર પુરા પરત કરવા બીલ બનાવવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**(1) LV 525302 200A 3F 25KA MCCB-1 NOS**

**(2) LV 431563 3P SPREADER PH BABBIERS – 1 NOS**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૦૨ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૪૫</u>

<u>વિષયઃ–</u>અભ્રામા હેડ વર્કસ ખાતે આવેલ પ્લાન્ટના ફરતે ચોમાસામાં ઉગી નીકળેલ ઝાડી–જંગલ સાફ કરવા ૧૦–મજુરો લાવેલ. જેને રોકડમાં ચુકવણું કરેલ થયેલ કામગીરીને બહાલ રાખી ખર્ચ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વારીગૃહ હેડ વર્કસ ખાતે ૧૧ એમ.એલ.ડી.વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નંગ–૨ તેમજ ૬.૫ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નંગ–૧ આવેલ છે. ત્રણે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં રો–વોટર પ્લાન્ટ, ફિલ્ટર પ્લાન્ટ, પ્યોર વોટર પ્લાન્ટ **H.T.** લાઈનના બે ટ્રાન્સર્ફોમર વિગેરે આવેલ છે. ચોમાસાની સીઝન દરમ્યાન ઉપરોકત જણાવેલ પ્લાન્ટની ફરતે ઝાડી–જંગલ થઈ જાય છે.ઉપરોકત જણાવેલ ત્રણેય પ્લાન્ટમાં ત્રણ શીફટમાં કર્મચારીઓ ફરજ બજાવે છે. આથી દિવસ–રાતના સમય દરમ્યાન જન–જાનવર નીકળતા હોવાથી કોઈ કર્મચારીને નુકશાન ન પહોંચાડે એ માટે ઉગી નીકળેલ ઝાડી–જંગલ સાફ–સફાઈ કરાવવાના કામે મજુરોની અછત હોવાથી ડીપાર્ટમેન્ટલી ન થાય એમ હોવાથી સ્થાનિકમાંથી દશ મજુરો તા.:૨૯–૦૮–૨૦૨૧ થી તા.:૩૧ / ૦૮ /૨૦૨૧ સુધી ૧ મજુરના રોજ ૫૦૦/– દરે દસ મજુરો લાવવામાં આવેલ છે. અને પ્લાન્ટોની ફરતે ઉગી નીકળેલ ઝાડી–જંગલો સાફ કરાવેલ છે. જેથી એક મજુરના રૂા.૫૦૦/– મુજબ ૧(એક) દિવસના રૂા.૫,૦૦૦/– પ્રમાણે ૩ (ત્રણ) દિવસ કામ કરાવેલ હોવાથી ૩ (ત્રણ) દિવસના ૧૫,૦૦૦/–અંકે રૂા.પંદર હજાર પુરા રોકડાનું ચુકવણું હિતેશ પટેલ / અશોક એસ.પટેલે કરેલ છે. જે પરત કરવા બીલ બનાવવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં. ૨૦૩ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

———————————————————————————————————————

**<u>કામ નં.–૪૬</u>**

**<u>વિષયઃ–</u>વોર્ડ નં.–૧૦, અબ્રામા વિસ્તારમાં સાંઈ રીવર સોસાયટી તેમજ જુદી જુદી ઈન્ટરનલ ગલીમાં પીવાના પાણીની પાઈપ લાઈન નાખવા અંગેનો એસ્ટીમેઈટ રૂા.૧૬,૯૮,૬૦૦/– મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં સાંઈ રીવર સોસાયટીના રહીશો તેમજ સદર વોર્ડના સભ્યશ્રીઓની રજૂઆત મુજબ ત્યાં આગળ મેઈન લાઈન તેમજ ઈન્ટરનલ લાઈન નાંખવાની જરૂરી હોય જેથી સદર જગ્યાએ નવી D.I.K-7 લાઈન નાંખવા અંગેનો માલ–સામાન તેમજ પાઈપ લાઈન નાંખવા સહિતનો અંદાજિત ખર્ચ GWSSB SOR 19-20 મુજબ રૂા.૧૬,૯૮,૬૦૦/–થાય છે. સદર કામગીરી નામદાર સરકારશ્રીની નલ સે જલ યોજનામાં સમાવેશ કરી, જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૦૪ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>કામ નં.–૪૭</u>**

**<u>વિષય:–</u>વારિગૃહ હેડ વર્કસ ખાતે અબ્રામા મોગરાવાડી વિસ્તારને પાણી પહોંચાડવા માટેના નવો ૧૧ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં પાણી શુધ્ધીકરણ માટે ફટકડી બ્લીચીંગ નાંખવા નીચે ચઢ –ઉતર માટે સીડી બનાવવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**સદરહું ઉપરોકત જણાવેલ કામ નં.૪૭નો, આ એજન્ડાના કામનં.–૪૨માં સમાવેશ થઈ ગયેલ છે. જેથી કશું કરવાનું રહેતું નથી.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૨૦૫ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૪૮</u>

<u>વિષય:–</u>વલસાડ નગરપાલિકા હદમાં આવેલ જુદા જુદા વિસ્તારોમાં ૧૫માં નાણાંપંચ યોજના હેઠળ પીવાના પાણીની લાઈન **D.I.K–7,** ૧૦૦ એમ.એમ.ડાયાની પાઈપ લાઈન નાખવાના આવેલ જુદા જુદા એસ્ટીમેઈટો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા વિસ્તારમાં જુદા જુદા વિસ્તારોમાં નવી **D.I.K–7,** ૧૦૦ એમ.એમ. ડાયાની પાઈપ લાઈન નાંખવા અંગેનો માલ–સામાન તેમજ પાઈપ લાઈન નાંખવા સહિતનો અંદાજીત ખર્ચ **GWSSB SOR 19-20** મુજબ નીચે જણાવ્યા મુજબ થાય છે. સદર કામગીરી નામદાર સરકારશ્રીની ૧૫માં નાણાંપંચ યોજનાની ગ્રાન્ટમાં સમાવેશ કરી, સદર કામગીરી કરવા અંગેના નીચે પ્રમાણેના આવેલ કામોના એસ્ટીમેઈટો મંજુર કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ. | એસ્ટી.રૂા. |
|---|---|---|
| ૧ | વોર્ડ નં.–૨, છીપવાડ, મેઈન રોડ સરકારી સંઘથી જોગીયાની નાળ જોઈટ છીપવાડ જોઈટ રોડ અને રમેશભાઈ વકીલની ગલીમાં નવી **D.I.K–7,** ૧૦૦ એમ.એમ. ડાયાની પાઈપ લાઈન નાંખવા અંગેના માલ–સામાન સહિતનું કામ. | ૫,૪૮,૭૦૦/– |
| ૨ | વોર્ડ નં.–૪, મેઈન રોડથી લક્ષ્મી નગર મેઈન રોડ સુધી અને ઈન્ટરનલ રોડ જોઈટ નવી **D.I.K–7,** ૧૦૦ એમ.એમ. ડાયાની પાઈપ લાઈન નાંખવા અંગેના માલ–સામાન સહિતનું કામ. | ૮,૮૩,૬૦૦/– |
| ૩ | વોર્ડ નં.–૨, મેઈન રોડથી કાઝીવાડ ગલી થી સરકારી હોસ્પિટલ જોઈટ રોડ સુધી નવી **D.I.K–7,** ૧૦૦ એમ.એમ. ડાયાની પાઈપ લાઈન નાંખવા અંગેના માલ–સામાન સહિતનું કામ. | ૬,૧૩,૪૦૦/– |
| ૪ | વોર્ડ નં.–૧૦, લોકોશેડની સામે ઝરણાં પાર્ક સાંઈ મંદિર થી કોલસીફળિયા સુધી નવી **D.I.K–7,** ૧૦૦ એમ.એમ. ડાયાની પાઈપ લાઈન નાંખવા અંગેના માલ–સામાન સહિતનું કામ. | ૬,૬૧,૭૦૦/– |
| ૫ | વોર્ડ નં.–૬,જગન્નાથ મંદિર મેઈન રોડ થી બલસારા ટ્રાવેલર્સની સામે સુધી નવી **D.I.K–7,** ૧૦૦ એમ.એમ. ડાયાની પાઈપ લાઈન નાંખવા અંગેના માલ–સામાન સહિતનું કામ. | ૪,૬૦,૭૦૦/– |

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં. ૨૦૬ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>કામ નં.–૪૯</u>**

**<u>વિષયઃ–</u> તા.: ૦૭–૦૮–૨૦૨૧ના રોજ વલસાડ નગરપાલિકા સંચાલિત હોસ્પિટલ ખાતે ઓકિસજન પ્લાન્ટનો લોકાર્પણ કાર્યક્રમ અંગેનું આવેલ બીલ રૂા.૯૩,૬૩૫/–મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તા.: ૦૭–૦૮–૨૦૨૧ના રોજ વલસાડ નગરપાલિકા સંચાલિત હોસ્પિટલ ખાતે ઓકિસજન પ્લાન્ટનો લોકાર્પણ કાર્યક્રમમાં ખુરશી, મંડપ, સાઉન્ડ સિસ્ટમ વિગેરે જરૂરી ચીજ વસ્તુઓ તથા માનનીય મુખ્યમંત્રીનું લાઈવ ટેલિકાસ્ટની જરૂરીયાત હોય, જેની કામગીરી સને વર્ષ ૨૦૨૦–૨૧ ના કા.સ.ઠ.નં.૧૯૭ / તા.: ૧૯–૧૦–૨૦૨૦ થી વાર્ષિક ટેન્ડરના મંજુર થયેલ ભાવે રામગીર ડેકોરેટર્સ, વલસાડ પાસે કરાવેલ હોય. જેના ભાડા અંગેનું આવેલ બીલ નં.–૩૬ / ૨૪–૦૮–૨૧ ના રૂા.૯૩,૬૩૫/– પુરાનું અત્રે આવેલ છે. જે આવેલ બીલ બનાવવા તથા તેનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૨૦૭ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૫૦</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ગણેશજીની મુર્તિઓનું વિસર્જન તા.:૧૧–૦૯–૨૦૨૧ થી તા.:૨૦–૦૯–૨૦૨૧ ના રોજ વાંકી નદી, ઔરંગા નદી, તેમજ ધારાનગર બીએપીએસ સ્કુલ પાસે કરવામાં આવેલ. સદરહું સ્થળોએ લાઈટીંગ,જનરેટર સેટ વિગેરેની વ્યવસ્થા જયઅંબે લાઈટીંગ ડેકોરેશન, વલસાડ પાસેથી કરાવવામાં આવેલ. જે અંગેના જુદા જુદા આવેલ બીલની રકમ રૂા.૪,૬૭,૪૦૦/– મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ગણેશજીની મુર્તિઓનું વિસર્જન તા.:૧૧–૦૯–૨૦૨૧ થી તા.:૨૦–૦૯–૨૦૨૧ ના રોજ થયેલ, સદરહુ ગણેશજીનું વિસર્જન વાંકી નદી, ઔરંગા નદી, તેમજ ધારાનગર બીએપીએસ સ્કુલ પાસે કરવામાં આવેલ હોય, સદરહું કામે વિસર્જનના સ્થળો ઉપર ઉપરોકત જણાવેલ સમયગાળા માટે લાઈટીંગની વ્યવસ્થા કરવા માટે ફાયર એન્ડ લાઈટ કમીટી ઠરાવ નં.૪૩ / તા.:૨૬–૦૮–૨૦૧૬ થી મંજુર થયા મુજબ ભાવોથી કામગીરી કરવા માટે એજન્સીશ્રી જયઅંબે લાઈટીંગ ડેકોરેશન, વલસાડને જરૂરી જાવક નં.૧૮૨૦ / તા.:૦૬–૦૯–૨૦૨૧થી વર્કઓર્ડર આપવામાં આવેલ. એજન્સી ધ્વારા આપેલ વર્કઓર્ડર મુજબ ઉપરોકત જણાવેલ સ્થળોએ લાઈટ શાખાના સંકલનમાં રહીને લાઈટીંગની વ્યવસ્થા કરેલ. જે કરેલ કામગીરીના આવેલ જુદા જુદા બીલો નીચે મુજબ છે. જે આવેલ બીલોનું ચુકવણું કરવા માટે બીલો બનાવવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | સ્થળ ઉપર કામગીરી કર્યાની તારીખ | વિસર્જનનું સ્થળ | બીલ નંબર/ તારીખ | બીલની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૧–૦૯–૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૫ ૨૧–૦૯–૨૦૨૧ | ૧૨,૫૦૦/– |
| ૨ | ૧૨–૦૯–૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૬ ૨૧–૦૯–૨૦૨૧ | ૧૨,૫૦૦/– |
| ૩ | ૧૩–૦૯–૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૭ ૨૧–૦૯–૨૦૨૧ | ૧૨,૫૦૦/– |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ૧૪–૦૯–૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૮<br>૨૧–૦૯–૨૦૨૧ | ૧૨,૫૦૦/– |
| ૫ | ૧૬–૦૯–૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૯<br>૨૧–૦૯–૨૦૨૧ | ૧૨,૫૦૦/– |
| ૬ | ૧૭–૦૯–૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૦<br>૨૧–૦૯–૨૦૨૧ | ૧૨,૫૦૦/– |
| ૭ | ૧૮–૦૯–૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૧<br>૨૧–૦૯–૨૦૨૧ | ૧૨,૫૦૦/– |
| ૮ | ૧૯–૦૯–૨૦૨૧ | વાંકી નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૨<br>૨૧–૦૯–૨૦૨૧ | ૧૨,૫૦૦/– |
| ૯ | ૧૧–૦૯–૨૦૨૧ | ધારાનગર BAPS સ્કુલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૩<br>૨૧–૦૯–૨૦૨૧ | ૫૯૦૦/– |
| ૧૦ | ૧૨–૦૯–૨૦૨૧ | ધારાનગર BAPS સ્કુલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૪<br>૨૧–૦૯–૨૦૨૧ | ૫૯૦૦/– |
| ૧૧ | ૧૩–૦૯–૨૦૨૧ | ધારાનગર BAPS સ્કુલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૫<br>૨૧–૦૯–૨૦૨૧ | ૫૯૦૦/– |
| ૧૨ | ૧૪–૦૯–૨૦૨૧ | ધારાનગર BAPS સ્કુલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૬<br>૨૧–૦૯–૨૦૨૧ | ૫૯૦૦/– |
| ૧૩ | ૧૬–૦૯–૨૦૨૧ | ધારાનગર BAPS સ્કુલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૭<br>૨૧–૦૯–૨૦૨૧ | ૫૯૦૦/– |
| ૧૪ | ૧૭–૦૯–૨૦૨૧ | ધારાનગર BAPS સ્કુલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૮<br>૨૧–૦૯–૨૦૨૧ | ૫૯૦૦/– |
| ૧૫ | ૧૮–૦૯–૨૦૨૧ | ધારાનગર BAPS સ્કુલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૭૯<br>૨૧–૦૯–૨૦૨૧ | ૫૯૦૦/– |
| ૧૬ | ૧૯–૦૯–૨૦૨૧ | ધારાનગર BAPS સ્કુલ ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૮૦<br>૨૧–૦૯–૨૦૨૧ | ૫૯૦૦/– |
| ૧૭ | ૧૧–૦૯–૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૫૮<br>૨૧–૦૯–૨૦૨૧ | ૩૭,૨૨૫/– |
| ૧૮ | ૧૨–૦૯–૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૫૮<br>૨૧–૦૯–૨૦૨૧ | ૩૭,૨૨૫/– |
| ૧૯ | ૧૩–૦૯–૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૫૯<br>૨૧–૦૯–૨૦૨૧ | ૩૭,૨૨૫/– |
| ૨૦ | ૧૪–૦૯–૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૦<br>૨૧–૦૯–૨૦૨૧ | ૩૭,૨૨૫/– |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | ૧૬–૦૯–૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૧<br>૨૧–૦૯–૨૦૨૧ | ૩૭,૨૨૫/– |
| ૨૨ | ૧૭–૦૯–૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૨<br>૨૧–૦૯–૨૦૨૧ | ૩૭,૨૨૫/– |
| ૨૩ | ૧૮–૦૯–૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૩<br>૨૧–૦૯–૨૦૨૧ | ૩૭,૨૨૫/– |
| ૨૪ | ૧૯–૦૯–૨૦૨૧ | ઔરંગા નદી ખાતે લાઈટીંગની વ્યવસ્થા | ૬૪<br>૨૧–૦૯–૨૦૨૧ | ૩૭,૨૨૫/– |
| ૨૫ | ૧૪–૦૯–૨૦૨૧ | ઔરંગા નદી ખાતે જનરેટર સેટ કેરોસીન સહિત | ૮૧<br>૨૧–૦૯–૨૦૨૧ | ૯૬૦૦/– |
| ૨૬ | ૧૯–૦૯–૨૦૨૧ | ઔરંગા નદી ખાતે જનરેટર સેટ કેરોસીન સહિત | ૮૨<br>૨૧–૦૯–૨૦૨૧ | ૧૨,૮૦૦/– |
| | | | કુલ બીલની રકમ રૂા. | ૪,૬૭,૪૦૦/– |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૦૮ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>કામ નં.–૫૧</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલ તળાવોમાં જળસંગ્રહ કરવાના હેતુથી ઉંડા કરવા એજન્સીઓ પાસે અરજી મંગાવી નિયમ મુજબ કાર્યવાહી કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ શહેરમાં કુલ–૭, તળાવો આવેલા છે. જે પૈકી અમુક તળાવો સરદાર પટેલ જળસંચય યોજના હેઠળ ઉંડા કરાવવામાં આવેલ છે.

વધુમાં, ગત વર્ષે મોગરાવાડી મોટા–તળાવને દમણગંગા સંશોધન અને નહેર વિભાગ–વલસાડ ધ્વારા તળાવ ઉંડુ કરવાની શરૂઆત કરવામાં આવેલ હતી. હાલે સદરહુ તળાવોને **NGT** ની ગાઈડલાઈન મુજબ ઉંડા કરી –જળસંચય માટે ઉપયોગી થાય અને " **Catch the Rain** " યોજના મુજબ વરસાદી પાણીનો સંગ્રહ થાય તે માટે કાર્યવાહી કરવાની જરૂર છે. જે કામે કમીટીમાં ચર્ચા વિચારણાંના અંતે, નીચે જણાવેલ મુદ્દાઓને ધ્યાને લઈ, આગળની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) જે તે વોર્ડના સભ્યશ્રીઓના સજેશન મંગાવી, જરૂરી આગળની કાર્યવાહી કરીએ.તળાવની સુંદરતા વધે તે રીતનું આયોજન કરવું.
૨) ખાણ ખનીજ વિભાગની પરમીશન મેળવવી.
૩) સરકારશ્રીમાં રોયલ્ટી ભરવાની જ રહેશે.
૪) નગરપાલિકાએ રોયલ્ટી ભરાવવાની પ્રોસીજર કરાવવી.
૫) રોયલ્ટી લેવાની વાત આવે તે નગરપાલિકાએ કેટલી લેવી એ નકકી કરવી.
૬) જે જરૂરીયાત હોય તેને ખોદકામ કરવાની અરજીઓ મંગાવી કામગીરી કરાવવાની કાર્યવાહી કરવી.
૭) નગરપાલિકાના ડાયરેકશન મુજબ ખોદકામ કરવાનું રહેશે.અને ઈજનેરશ્રીએ સાથે રહી કામગીરી કરાવવી.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૦૯ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

**કામ નં.–પર**

**વિષયઃ–** સંયુકત નિયામકશ્રી, લાંરૂવિ બ્યુ,અમદાવાદના તા.: ૨૯–૭–૨૦૨૧ ના પત્ર અંગે જરૂરી દરખાસ્ત બાબત..

**ઠરાવ.:**

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,મદદનીશ નિયામક,એ.સી.બી. સુરત એકમ, સુરતની કચેરી, આખરી અહેવાલ ક્રમાંક : ૧૫૭૫ / ૨૦૨૧ / તા.: ૦૫–૦૭–૨૦૨૧ થી મે. મુખ્ય પોલીસ અધિકારીશ્રી અને નિયામકશ્રીની કચેરી, લાંચરુશ્વત બ્યુરો, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર નં.વલસાડ અને  ડાંગ / એ.સી.બી. પો.સ્ટેશન, ગુ.ર.નં.૦૩ / ૨૦૨૦ /૧૦૫૮ / ૨૦૨૧ / તા.:૨૯–૦૭–૨૦૨૧ થી અત્રે  રજુ કરી સબબ આરોપી મનીષ ઉર્ફે અપ્પુ નટવરભાઈ સોલંકી, કોમ્પ્યુટર ઓપરેટર, એપ્રેન્ટીસ ( બીન વર્ગીકૃત ખાનગી ) વલસાડ નગરપાલિકા, વલસાડનાઓ વિરુધ્ધ ભ્ર.નિ.અધિ–૧૯૮૮ ( સુધારા અધિ–૨૦૧૮ ) ની કલમ–૧૯ મુજબ પ્રોસીકયુશન મંજુર કરવા સંબંધેની દરખાસ્ત રજુ કરવા સદર પત્રથી જણાવેલ  છે. ઉપરોકત હકીકતોથી વિદિત થતાં સદર પ્રકરણ સબંધે પ્રોસિકયુશનની મંજુરી આપવાનું  ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૧૦ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

કામ નં.–૫૩

વિષયઃ– નગરપાલિકાનાં જુદા જુદા વોર્ડમાં બેન્ચીઝ મુકવા માટે દૈનિક પત્રમાં જાહેરાત આપી ટેન્ડર મંગાવતા આવેલ ટેન્ડરનાં ભાવો મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,કા.સ.ઠ.નં.–૬૦/ તા.:૨૦–૦૭–૨૦૧૯ થી ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદમાં વોર્ડ નં.–૧ થી ૧૧ના જાહેર સ્થળો, પબ્લીક પ્લેસીસ, જાહેર તળાવો, તેમજ મંદિરના પટાંગણમાં જરૂરી આર.સી.સી. વુડન બેન્ચીસ તથા બાળકોના રમતગમતના સાધનો તેમજ કસરત કરવાના સાધનો મુકવાનું ઠરાવવામાં આવેલ. તેમજ વલસાડ નગરપાલિકા હસ્તકના ગાર્ડનોમાં પણ સદરહુ વુડન બેન્ચીસ મુકવામાં અંગે જાહેર માહિતી ખાતા મારફતે ૦૨(બે) દૈનિક પેપરોમાં ટેન્ડર જાહેર નિવિદા પ્રસિધ્ધ કરાવી ઓફ લાઈન ટેન્ડર તા.:૦૭–૦૯–૨૦૨૧ થી તા.:૧૬–૦૯–૨૦૨૧સુધી ટેન્ડર વેચાણ કરી સદરહું વેચાણ કરેલ સીલબંધ ટેન્ડરો તા.:૨૧–૦૯–૨૦૨૧ સુધીમાં મંગાવવામાં આવેલ, સદરહુ કામે મુદત દરમ્યાન કુલ–૦૪ એજન્સીઓના ટેન્ડરો આવેલ. જે ટેન્ડરો ચીફઓફીસરશ્રી, પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી,જાહેર બાંધકામ ચેરમેનશ્રી, વિગેરે રૂબરૂ ખુલ્લા કરવામાં આવેલ. સદરહું ખુલ્લા કરેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે કેરન સીમેન્ટ આર્ટીકલ, રોલા–ભીમ ફળિયા, વલસાડનું ટેન્ડર વુડન બેંચીસ નંગ–૦૧(એક) નો તમામ ટેક્ષ સહિતનો રૂ.૩૮૦૦/–પુરાનો સૌથી ઓછો ભાવ આવેલ છે. સદરહું આવેલ ભાવ મંજુર કરવાના કામે, ચર્ચા વિચારણા કરતાં સદરહું કામે આવેલ દરેક એજન્સી પાસે વુડન બેંચીસનો સેમ્પલ મંગાવી, જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૨૧૧ / તા.:૧૮–૧૦–૨૦૨૧

---

<u>વ.કા. નં.–૧.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદના કારણે નુકશાન પામેલ રસ્તાઓ રીપેરીંગ / રીસર્ફેસીંગ કરવાના કામ અંગે નામદાર સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ ગ્રાન્ટ બાબત..

<u>ઠરાવ.:</u>

નામદાર સરકારશ્રીની ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો પત્ર ક્રમાંક નં.મફબ / **SJMMSVY (UDP-78)** / ન.પા.ઓ.–**MMSSY** -સૈધ્ધાંતિક / ૨૦૨૧ /૧૫૨૮૮ /તા.:૦૬–૧૦–૨૦૨૧ થી વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ચાલુ વર્ષે ચોમાસા દરમ્યાન ભારેથી અતિભારે વરસાદ ના કારણે નુકશાન પામેલ રસ્તાના રીપેરીંગ / રીસર્ફેસીંગના કામો થતાં રસ્તાની સુવિધામાં વધારો કરવા માટે રૂા.૭૫.૦૦ લાખની ગ્રાન્ટની ફાળવણી અત્રેની કચેરીએ કરવામાં આવેલ છે. સદરહુ ફાળવેલ ગ્રાન્ટમાંથી વલસાડ શહેરમાં નીચે જણાવ્યા મુજબના મુખ્ય માર્ગો ભારે થી અતિભારે વરસાદથી નુકશાન પામેલ રસ્તાઓને રીપેરીંગ / રીસર્ફેસીંગ કરવાનું મંજુર કરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

વલસાડ નગરપાલિકા હદમાં રેલ્વે લાઈનની પૂર્વ તરફના વિસ્તારો રૂા.૨૬,૬૪,૩૦૦/–

| અ.નં. | વિસ્તાર |
|---|---|
| ૧ | ધરમપુર મેઈન રોડ થી ધારાનગર, આજુગીયા ટાઈલ્સ થી ગોકુલધામ ,મણિબાગ થી સોના – સરિતા,ઠાકોરજી પાર્ક, પ્રમુખ શિવાલય રોડ,અબ્રામા |
| ૨ | અબ્રામા ઝોન ઓફિસથી રેલ્વે સ્ટેશનથી પાદરદેવી મંદિર |
| ૩ | રામનગર થી હિન્દી સ્કૂલ થી રેલ્વે નાળા,મોગરાવાડી |
| ૪ | નાગેશ્વર મંદિરથી રેલ્વેનાળા,મોગરાવાડી |
| ૫ | મેલડીમાતા મંદિરથી વાવ ફળિયા, અબ્રામા |

વલસાડ નગરપાલિકા હદમાં રેલ્વે લાઈનની પશ્ચિમ તરફના વિસ્તારો રૂા.૪૯,૪૬,૧૦૦/–

| અ.નં. | વિસ્તાર |
|---|---|
| ૧ | કોસંબા રોડ રાઈસ મીલથી કસ્તુરબા ગેટ થઈ સુપર કોમ્પ્લેક્ષ સુધી |
| ૨ | સતીનાકા થી શાંતિભુવન અને રામવાડી પુરબ–પશ્ચિમ એપાર્ટમેન્ટ સુધી |
| ૩ | કોસંબા રોડ પોલીસ ચોકી થી જળદેવી અને શહિદચોક થી આંધિયાવાડ જકાતનાકા સુધી |
| ૪ | છીપવાડ રેલ્વે નાળા થી જગન્નાથ મંદિર થઈ  રામગીર ડેકોરેટર્સ સુધી |
| ૫ | જી.ઈ.બી.ઓફિસ થી ઓર્ચિડ હોસ્પિટલ થી મદનવાડ નાળા થઈ હિના જવેલર્સ અને મોગરાવાડી નાળા થી મૃણાલ હોસ્પિટલ સુધી |
| ૬ | તિથલ મેઈન રોડ થી પ્રજ્ઞા સોસાયટી |
| ૭ | આર.એન.સી.હોસ્પિટલ થી ડોકટર હાઉસ અને લાલ સ્કુલ ગલી |
| ૮ | અર્જુનભાઈના ઘર થી જલતરંગ થઈ મિશન કોલોની સુધી |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૨૧૨ / તા.:૧૮–૧૦–૨૦૨૧

---

વ.કા. નં.–૨.

વિષયઃ– ૫. વ. ડી. શાખા હસ્તકનુ ં જે. સી. બી. નં. જીજે ૧૫ – જી. ૧૨૩૬ની બેટરી ખરાબ થઈ ગયેલ જેના માટે નવી બેટરી શ્રી ગુજરાત બેટરી સેન્ટર, બેચરરોડ, વલસાડ પાસેથી ખરીદ કરેલ જેનું આવેલ બીલ રૂા.૧૨,૬૦૦/– મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,_૫. વ. ડી. શાખા હસ્તકનુ ં જે. સી. બી. નં. જીજે ૧૫ – જી. ૧૨૩૬ની બેટરી ખરાબ થઈ ગયેલ છે. જેને લઈને મશીન બંધ છે. મશીન બંધ થવાથી ઘન કચરાની ડમ્પીંગ સાઈડ ઉપર કચરાની લેવલીંગ કરવાની કામગીરી બંધ થયેલ છે. આ કામગીરી બંધ થતાં રોજે રોજ આવતો નવો કચરો નાખવાની મુશ્કે લી ઉભી થાય તેમ છે. તથા ખાતાની અન્ય કામગીરી પણ થઈ શકે તેમ નથી. જેથી નગરપાલિકાની કામગીરીમાં મુશ્કેલી ન પડે , કામગીરી ચાલુ રહે તે માટે તાત્કાલિક નવી બેટરી ખરીદવાની જરૂરીયાત ઉભી થતાં " શ્રી ગુજરાત બેટરી સેન્ટર, બેચરરોડ, પાવર હાઉસ સામે, વલસાડ પાસેથી પરિસ્થિતીને ધ્યાને લઈ નવી બેટરી ખરીદેલ. જેનું આવેલ બીલ રૂા.૧૨,૬૦૦/– અંકે રૂા. બાર હજાર, છસો પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.– ૨૧૩ / તા.:૧૮–૧૦–૨૦૨૧

---

<u>વ.કા. નં.–૩.</u>

<u>વિષય:–</u> રખડતા ઢોરો પકડીને પાંજરાપોળ સુધી મુકવાના મંગાવેલ ભાવો બાબતે..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,નગરપાલિકા વિસ્તારમાં રખડતા પકડીને પાંજરાપોળમાં મુકવાની કામગીરીના ભાવો તા.: ૨૨/૦૮/૨૦૨૧ ના રોજના સંદેશ વર્તમાન પત્રમાં જાહેરાત આપી ભાવો મંગાવેલ હતા સમય મર્યાદામાં ચાર ભાવો આવેલ હતા જેનું વિગત દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | એજન્સીનું નામ સરનામું. | આવેલ ભાવો ઢોર નંગ–૧ નો ભાવ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | પ્રાનીન ફાઉન્ડેશન વડોદરા, | રૂા.૮૦૦૦/– | |
| ૨ | દિનેશભાઈ ચૌહાણ–શહીદચોક,વલસાડ | રૂા.૯૦૦૦/– | |
| ૩ | અનિલભાઈ કસબે<br>હનુમાન મંદીર રોડ,વલસાડ | રૂા.૨૦૦૦/– | |
| ૪ | ફકીરા રમેશભાઈ ખંડારે<br>વાલ્મીકી આવાસ, વાપી | રૂા.૨૮૦૦/– | |

ઉપરોકત આવેલ ભાવો જોતાં પ્રથમ દ્રષ્ટિએ એજન્સીએ અનિલભાઈ કસબે, હનુમાન મંદીર રોડ વાપીના ભાવો ઢોર નંગ–૧(એક) પકડવાના રૂા. ૨૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર ) પુરા ઓછા જણાય છે. પરંતુ તમામ એજન્સી સાથે તેઓએ ભરેલ ભાવો બાબતે રૂબરૂ ચર્ચા કરતા અનુક્રમ નંબર :૧ વાળી એજન્સીએ તેમના વાહન મારફત એક ઢોર પકડીને પાંજરાપોળમાં મુકવાના, પાંજરાપોળને ચુકવવાની થતી ફી સહીતના રૂા.૮૦૦૦/– જણાવેલ છે. અનુક્રમ નંબર :૦૨ વાળી એજન્સીએ એક ઢોર પકડીને પાંજરાપોળમાં મુકવાના તેમજ પાંજરાપોળને ચુકવવાની ફી સહીતના રૂા.૯૦૦૦/– જણાવેલ છે. જયારેએજન્સી નંબર :૦૩ અને ૦૪ એ એક ઢોર પકડવાના ભરેલ ભાવ અનુક્રમે રૂા.૨૦૦૦/– અને રૂા.૨૮૦૦/– નગરપાલિકાએ તેઓને ઢોર પકડવા માટેનું વાહન આપવું તથા પાંજરાપોળને ભરવાની થતી ફી પણ નગરપાલિકાએ ચુકવવાની શરતે ભરેલ છે.નગરપાલિકા ધ્વારા પકડવામાં આવતા

રખડતા ઢોરો નગરપાલિકાના સ્ટાફ ધ્વારા ગુંદલાવ ખાતે આવેલ શ્રી લાલજી વેલજી એન્કરવાળા પાંજરાપોળમાં તથા વાપી રાતા પાંજરાપોળ ખાતે આવેલ અજીત સેવા ટ્રસ્ટ ખાતે છોડવામાં આવે છે. આ બન્ને પાંજરાપોળો નગરપાલિકા પાસે એક ઢોર સ્વીકારવાનો ચાર્જ અનુક્રમે રૂા.૮૦૦૦/– અને રૂા. ૧૨૦૦૦/– વસુલ કરે છે.

ઉપરોકત હકીકતો જોતા એજન્સી નંબર : ૦૧ શ્રી પ્રાનીન ફાઉન્ડેશન, વડોદરાના તેમના વાહનો મારફત એક ઢોર પકડીને પાંજરાપોળમાં છોડવાના ભાવો વ્યાજબી જણાતા હોઈ તે ભાવો મંજુર કરી તેમની પાસે નગરપાલિકા વિસ્તારમાંથી રખડતા ઢોરો  પકડવાની કામગીરી તેઓ સાથે કરાર કરી કરાવવા માટેના આવેલ કામે, કમીટીમાં ચર્ચા–વિચારણાં કરતાં નકકી થયું કે, એજન્સી પ્રાનીન ફાઉન્ડેશનના ભાવો મંજુર કરી, એમની જોડે એગ્રીમેન્ટ કરી, ઢોર પકડીને તેને ટેંગ માર્ક કરી, તેની ફોટોગ્રાફી કરાવી, પાંજરાપોળમાં  જમા કરાવી, ગૌશાળાની પહોંચ મેળવવા જેવી જરૂરી આગળની કાર્યવાહી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં. ૨૧૪ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>વ.કા. નં.–૪</u>**

**<u>વિષયઃ–</u> આરોગ્ય શાખામાં ઝાડુવાળા સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કાયમી કર્મચારી પ્રવિણભાઈ છનીયાભાઈ કુંકણાનું તા.: ૦૯–૦૫–૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે. તેમના વારસદાર પુત્ર શ્રી સંજયભાઈ પ્રવિણભાઈ કુંકણા, રહે.: નાના પારસીવાડ પાછળ, રાખોડીયા તળાવ, વલસાડને રહેમરાહે સફાઈ કામદાર તરીકે નોકરીમાં લેવા બાબતેની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અરજદાર શ્રી સંજયભાઈ પ્રવિણભાઈ કુંકણા રહે.: નાના પારસીવાડ પાછળ, રાખોડીયા તળાવ વલસાડનાએ તા.: ૨૬ / ૦૫/ ૨૦૨૧ ના રોજ નગરપાલિકાને અરજી આપી તેમના પિતા પ્રવિણભાઈ છનીયાભાઈ કુંકણા કે જેઓ વલસાડ નગરપાલિકાના આરોગ્યશાખામાં ઝાડુવાળા સફાઈ કામદાર તરીકે જ.બો.ઠ.નં. :૩૬૭ તા.: ૩૦ / ૦૧ / ૧૯૮૨ થી ઠરાવ્યા મુજબ નિમણુંક મેળવી ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેમનું તા.:૦૯/૦૫/૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે તેમના વારસદાર પુત્ર શ્રી સંજયભાઈ પ્રવિણભાઈ કુંકણાએ ના. ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ નપમ / ૧૨૨૦૧૭ / સી.ફા.૨૮ / આર / તા. ૧૮/૧૦ /૨૦૧૭ માં કરવામાં આવેલ જોગવાઈ " રાજયની નગરપાલિકાઓમાં સફાઈ કામદાર તરીકે નિયમીત મહેકમ પરની જગ્યાએ નિયમીત નિમણુંક પામીને ફરજ બજાવતા સફાઈ કામદારનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સફાઈ કામદારના વારસદારને વારસદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવાના સંજોગોમાં સ્વ. સફાઈ કામદારના એક વારસદારને સરકારશ્રી ધ્વારા નકકી કરેલ શરતોને આધીન વારસદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવાનું ઠરાવેલ છે. જે હેઠળ આ અરજી કરેલ છે.**

**ના. સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં આવેલ શરતો મુજબ....**

**(૧) અરજદારે તેમના પિતાશ્રીના મરણ બાદ આ યોજના હેઠળ રહેમરાહે નિમણુંક મેળવવા છ માસમાં અરજી કરવાની થાય છે. અરજદારના પિતાનું તા.:૦૯/૦૫/૨૦૨૧ ના રોજ અવસાન થતાં અરજદારે તા.: ૨૬/૦૫/૨૦૨૧ ના રોજ અરજી કરેલ છે તે જોતાં અરજદારે નિયત સમય મર્યાદામાં અરજી કરેલ હોવાનું જણાય છે.**

(૨) અરજદારના પિતાની નગરપાલિકા જ.બો.ઠ.નં.૩૬૭ તા.:૩૦ / ૦૧ /૧૯૮૨ થી ઠરાવ્યા મુજબ નિયમીત ધોરણે નિમણુંક કરેલ હતી અને તેમણે ૩૮ વર્ષ નોકરીમાં ફરજ બજાવેલ હતી.ગાઈડ લાઈન મુજબ ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરીનો સમયગાળો જળવાય છે.

(૩) અરજદાર તેમના સ્વ. સફાઈ કામદારના કાયદેસરના પુત્ર થાય છે.

(૪) સ્વ.સફાઈ કામદારશ્રી પ્રવિણભાઈ છનીયાભાઈનું કુંટુંબ હાલે તેમના પુત્ર અને અરજદાર ઉપર નિર્ભરહોઈ તેમજ અરજદાર રહેમરાહે નિમણુંક મેળવવા તમામ રીતે યોગ્ય અને પાત્રતા ધરાવે છે.

(૫) અરજદારની હાલની ઉંમર ૩૫ વર્ષની છે તે જોતાં તેઓની ઉંમર નગરપાલિકાના ભરતીના નિયમોના ક્રાઈટ એરીયામાં આવે છે.

(૬) નગરપાલિકાના આરોગ્ય શાખાના મહેકમે હાલે ઝાડુવાળા સફાઈ કામદારની ર૬ જગ્યાઓ ખાલી છે. તેમાં અરજદારની રહેમરાહે નિમણુંક કરી શકાય તેમ છે.

(૭) અરજદારશ્રીએ ના.સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં આવેલ સદર યોજનાની ગાઈડ લાઈનના નિયમ–૬ મુજબ બાંહેધરી આપેલ છે.

(૮) ના.સરકારશ્રી ધ્વારા નકકી કરેલ ગાઈડ લાઈનના નિયમ–૩ મુજબ સરકારશ્રી ધ્વારા રહેમરાહે નોકરી મેળવવા કરેલ અરજી માન્ય હોય તો નગરપાલિકાની સમગ્ર સભામાં મંજુરી માટે રજુ કરવાની થાય છે. અને સમગ્ર સભાની મંજુરી મેળવ્યા બાદ ચીફ ઓફીસરશ્રી આ વિગતવાર અરજદારશ્રીનો નિમણુંક ઓર્ડર કરવાનો થાય છે.

ઉપરોકત હકીકતોથી વિદીત થતા અરજદાર સંજયભાઈ પ્રવિણભાઈ કુંકણા તેમના પિતાશ્રીના મરણ બાદ રહેમરાહે ઝાડુવાળા સફાઈ કામદાર તરીકે નિમણુંક મેળવવાની પાત્રતા ધરાવતા હોઈ તેમની રહેમરાહે ઝાડુવાળા સફાઈ કામદારની જગ્યા ઉપર નિમણુંક કરવા અંગેની જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૧૫ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>વ.કા. નં.–૫</u>

<u>વિષયઃ–</u> આરોગ્ય શાખામાં ઝાડુવાળા સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કાયમી કર્મચારી ધનસુખભાઈ હરીભાઈ પટેલનું તા.: ૨૯–૦૪–૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે. તેમના વારસદાર પુત્ર શ્રી ધીરજ ધનસુખભાઈ પટેલ, રહે.: ડોડીયા ટેકરા, મોટા ઘાંચીવાડ પાછળ, વલસાડને રહેમરાહે સફાઈ કામદાર તરીકે નોકરીમાં લેવા બાબતેની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અરજદાર શ્રી ધીરજ ધનસુખભાઈ પટેલ રહે.: ડોંડીયા ટેકરા, મોટા ઘાંચીવાડપાછળ, વલસાડનાએ તા.: ૨૭ / ૦૫/ ૨૦૨૧ ના રોજ નગરપાલિકાને અરજી આપી તેમના પિતા ધનસુખભાઈ હરીભાઈ પટેલ કે જેઓ વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં ઝાડુવાળા સફાઈ કામદાર તરીકે જ.બો.ઠ.નં.૨૦૧/ તા.: ૩૦ / ૧૦ / ૧૯૯૬ થી ઠરાવ્યા મુજબ નિમણુંક મેળવી ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેમનું તા.:૨૯/૦૪/૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે તેમના વારસદાર પુત્ર શ્રી ધીરજ ધનસુખભાઈ પટેલે ના. ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ નપમ / ૧૨૨૦૧૭ / સી.ફા.૨૮ / આર / તા. ૧૮/૧૦ /૨૦૧૭ માં કરવામાં આવેલ જોગવાઈ " રાજયની નગરપાલિકાઓમાં સફાઈ કામદાર તરીકે નિયમીત મહેકમ પરની જગ્યાએ નિયમીત નિમણુંક પામીને ફરજ બજાવતા સફાઈ કામદારનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સફાઈ કામદારના વારસદારને વારસદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવાના સંજોગોમાં સ્વ. સફાઈ કામદારના એક વારસદારને સરકારશ્રી ધ્વારા નકકી કરેલ શરતોને આધીન વારસદાર તરીકે રહેમરાહે નિમણુંક આપવાનું ઠરાવેલ છે. જે હેઠળ આ અરજી કરેલ છે.

ના. સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં આવેલ શરતો મુજબ....

(૧) અરજદારે તેમના પિતાશ્રીના મરણ બાદ આ યોજના હેઠળ રહેમરાહે નિમણુંક મેળવવા છ માસમાં અરજી કરવાની થાય છે. અરજદારના પિતાનું તા.:૨૯/૦૪/૨૦૨૧ ના રોજ અવસાન થતાં અરજદારે તા.: ૨૭/૦૫/૨૦૨૧ ના રોજ અરજી કરેલ છે તે જોતાં અરજદારે નિયત સમય મર્યાદામાં અરજી કરેલ હોવાનું જણાય છે.

(૨) અરજદારના પિતાની નગરપાલિકા જ.બો.ઠ.નં.૨૦૧ તા.:૩૦ / ૧૦ /૧૯૯૬ થી ઠરાવ્યા મુજબ નિયમીત ધોરણે નિમણુંક કરેલ હતી અને તેમણે ૨૫ વર્ષ નોકરીમાં ફરજ બજાવેલ હતી.ગાઈડ લાઈન મુજબ ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરીનો સમયગાળો જળવાય છે.

(૩) અરજદાર તેમના સ્વ. સફાઈ કામદારના કાયદેસરના પુત્ર થાય છે.

(૪) સ્વ.સફાઈ કામદારશ્રી ધનસુખભાઈ હરીભાઈ પટેલનું કુંટુંબ હાલે તેમના પુત્ર અને અરજદાર ઉપર નિર્ભરહોઈ તેમજ અરજદાર રહેમરાહે નિમણુંક મેળવવા તમામ રીતે યોગ્ય અને પાત્રતા ધરાવે છે.

(૫) અરજદારની હાલની ઉંમર ૩૦ વર્ષની છે તે જોતાં તેઓની ઉંમર નગરપાલિકાના ભરતીના નિયમોના ક્રાઈટ એરીયામાં આવે છે.

(૬) નગરપાલિકાના આરોગ્ય શાખાના મહેકમે હાલે ઝાડુવાળા સફાઈ કામદારની ૨૬ જગ્યાઓ ખાલી છે. તેમાં અરજદારની રહેમરાહે નિમણુંક કરી શકાય તેમ છે.

(૭) અરજદારશ્રીએ ના.સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં આવેલ સદર યોજનાની ગાઈડ લાઈનના નિયમ–૬ મુજબ બાંહેધરી આપેલ છે.

(૮) ના.સરકારશ્રી ધ્વારા નકકી કરેલ ગાઈડ લાઈનના નિયમ–૩ મુજબ સરકારશ્રી ધ્વારા રહેમરાહે નોકરી મેળવવા કરેલ અરજી માન્ય હોય તો નગરપાલિકાની સમગ્ર સભામાં મંજુરી માટે રજુ કરવાની થાય છે. અને સમગ્ર સભાની મંજુરી મેળવ્યા બાદ ચીફ ઓફીસરશ્રી આ વિગતવાર અરજદારશ્રીનો નિમણુંક ઓર્ડર કરવાનો થાય છે.

ઉપરોકત હકીકતોથી વિદીત થતા અરજદાર ધીરજ ધનસુખભાઈ પટેલ તેમના પિતાશ્રીના મરણ બાદ રહેમરાહે ઝાડુવાળા સફાઈ કામદાર તરીકે નિમણુંક મેળવવાની પાત્રતા ધરાવતા હોઈ તેમની રહેમરાહે ઝાડુવાળા સફાઈ કામદારની જગ્યા ઉપર નિમણુંક કરવા અંગેની જરૂરી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૧૬ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

વ.કા. નં.–૬

વિષયઃ– અમૃત યોજના (૧૭–૨૦) હેઠળ પાઈપ લાઈનની કામગીરીમાં મુદત વધારો કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીની અમૃત યોજના (૧૭–૨૦) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં **Providing, Laying, jointing of Rising mains from Abarama Headwork to Kalyanbaug sump and from kalyanbaug Sump to ESR at Tithal Road including connection pipeline from Tithal Road ESR to existing network. Desiginin, Constructing, Testing & Commissioning of Elevated Service Reservir ( ESR) Design, Supply, Installation, Testing and Commissioning of Instrumentation & SCADA system for all the head works and House Service Connections for Valsad including all allied works complete and post completion operation & maintenance for five years** બનાવવાના કામે ઠેકેદારશ્રી ક્રિષ્ણા કન્સ્ટ્રકશન કંપની ,ઈ/૩૭ અને ૨૯, નગરપાલિકા શો.સેન્ટર, ધોબીઘાટ, મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂા.૧૬,૭૨,૧૦,૮૦૦/– કરતાં ૯.૯૫% ઉંચા ભાવથી ટેન્ડર આવેલ છે, જે અન્વયે તા.:૦૮–૦૩–૨૦૧૯ ની **GUDM**, ગાંધીનગરની ૧૭ મી સ્કુટીની તેમજ ૨૫ મી **SLTC** ની મીટીંગમાં ટેન્ડરરશ્રી ક્રિષ્ણા કન્સ્ટ્રકશન કંપની ,મહેસાણા સાથે જરૂરી નેગોશીએશન કરતાં એસ્ટીમેન્ટની રકમ કરતાં ૪.૯૫ % ઉંચા ભાવથી કામગીરી કરવા **GUDM**, ગાંધીનગર ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. જેથી ઠેકેદારશ્રી ક્રિષ્ણા કન્સ્ટ્રકશન કંપની, ઈ/૩૭ અને ૨૯, નગરપાલિકા શોપીંગ સેન્ટર, ધોબીઘાટ, મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂા.૧૬,૭૨,૧૦,૮૦૦/– કરતાં ૪.૯૫% ઉંચા ભાવથી રૂા. ૧૭,૫૪,૮૭,૭૩૫/– ટેન્ડર કા.સ.ઠ.નં.–૩૬૮ / તા.:૦૮–૦૩–૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે.

વધુમાં, ટેન્ડરરશ્રીની તા.:૧૧/૦૮/૨૦૨૧ ની અરજીમાં જણાવ્યા મુજબ સદરહુ કામનું ખાતમુર્હત તા.: ૦૮–૦૩–૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ, જેથી કામગીરી શરૂ થઈ શકેલ નહોય, જેમાં તા.: ૦૮–૦૩–૨૦૧૯ થી તા.:૨૪–૦૭–૨૦૧૯ લોકસભા ઈલેકશન ૭૫ દિવસ અને રેલ્વે ક્રોસીંગ અને નેશનલ હાઈવે હસ્તકના રોડ પરની મંજુરી બાકી હોવાથી અને માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), વલસાડ હસ્તકના રોડ તેમજ માર્ગ અને મકાન વિભાગ( પંચાયત ),વલસાડના હસ્તકની જમીન

પર પાઈપલાઈનની કામગીરી બાકી હોવાથી તથા તા.:૨૦–૦૨–૨૦૨૦ થી ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર ખાતે એકસ્ટ્રા એકસેસ વર્કની મંજુરીની કાર્યવાહી બાકી હોવાથી અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ધ્વારા કોરોના વૈશ્વિક મહામારી પ્રથમ વેવ તા.:૨૨–૦૩–૨૦૨૦ થી ૧૭–૦૬–૨૦૨૦ તથા બીજો વેવ તા.:૦૧/૦૨/૨૦૨૧ થી ૩૧ /૦૫/૨૦૨૧, દિવસ ૨૦૭ જેથી ટેન્ડરશ્રીની સમય મર્યાદા તા.:૦૮–૦૯–૨૦૨૧ ના રોજ પૂર્ણ થવાની હોય, ઠેકેદારશ્રીની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ ઉપયુકત બાબતે ધ્યાને લઈ તા.:૩૦–૦૬–૨૦૨૨ સુધી કમીટી લેવલે મુદતમાં વધારો કરવાના આવેલ કામે,કમીટીમાં ચર્ચા–વિચારણાનાં અંતે,અમૃત યોજના (૧૭–૨૦) હેઠળ પાઈપ લાઈનની સદરહું ઉપરોકત જણાવેલ કામગીરીમાં મુદત વધારો કરવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૧૭ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

વ.કા. નં.–૭

વિષય:– અમૃત યોજના (૧૭–૨૦) હેઠળ પાઈપ લાઈન નાંખવાની સાઈટ પર ફેરબદલી કરવા અંગેનો નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭–૨૦ ) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં **Providing, Laying, jointing, Testing of Rising mains from Abarama Headwork to Kalyanbaug sump and from kalyanbaug Sump to ESR at Tithal Road including connection pipeline from Tithal Road ESR to existing network. Desiginin, Constructing, Testing & Commissioning of Elevated Service Reservir ( ESR) Design, Supply, Installation, Testing and Commissioning of Instrumentation & SCADA system for all the head works and House Service Connections for Valsad including all allied works complete and post completion operation & maintenance for five years** બનાવવાના કામનું એજન્સીશ્રી ક્રિષ્ણા કન્સ્ટ્રકશન, મહેસાણાનું ટેન્ડર જે અન્વયે તા.: ૦૮–૦૩–૨૦૧૯ ની **GUDM,** ગાંધીનગરની ૧૭ મી સ્ક્રુટીની તેમજ ૨૫ મી **SLTC** ની મીટીંગમાં તેમજ કા.સ.ઠ.નં. –૩૬૮ / તા.: ૦૮–૦૩–૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે, જે અન્વયે તા.: ૦૬/૦૭/૨૦૨૧ ના રોજ કરેલ અરજીમાં જણાવ્યા મુજબ સદરહું પ્રોજેકટમાં આયોજન કરેલ અનુસાર તિથલ રોડ જિલ્લા પંચાયતમાં ૫.૦૦ **LL** ઓવર હેડ વોટર ટેન્કની સિવિલ વર્કની કામગીરી પૂર્ણ કરેલ છે. જે માટે ઉપરોકત ટેન્ડરના સીડયુલ **B4** અનુસાર ટાંકીના આઉટલેટમાંથી હયાત ડીસ્ટ્રીબ્યુશન પાઈપ લાઈન સાથે પાઈપલાઈન કનેકટ કરવાની થાય છે. જે ઉપરોકત ટેન્ડરના સીડયુલ **B4** અનુસાર ૩૭૦ મીટર **CI – 400 mm** ડાયાની પાઈપલાઈન ખૂબજ ઓછા જથ્થામાં હોવાથી સરળતાથી મળે એમ નથસ. વધુમાં સદરહું પ્રોજેકટના ટેન્ડરના સીડયુલ– બી૧ અનુસાર હેડ વોટર વર્કસથી કલ્યાણ બાગ સંપ સુધી **DI – K9 – 450 mm** ડાયાની પાઈપ લાઈન નાખવાની આઈટમનો સમાવેશ કરેલ છે. જે અનુસાર એજન્સી ધ્વારા ૫. ૦૦ **LL** ઓવર હેડ વોટર ટેન્ક આઉટલેટમાંથી હયાત ડીસ્ટ્રીબ્યુશન પાઈપ લાઈન સાથે પાઈપલાઈન કનેકટ કરવા **CI-400 mm** ડાયા.ની પાઈપ લાઈનને ફેરબદલ કરી હયાત સાઈટ પર આવેલ **DI – K9-450 mm** ડાયાની પાઈપલાઈનને વપરાશ કરવા તા.: ૦૬/૦૭/૨૦૨૧ ના રોજ કરેલ અરજીમાં રજુઆત કરેલ છે. સદરહું આવેલ કામે કમીટીમાં ચર્ચા વિચારણાના અંતે સદરહું કામે કશું નહિ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં. ૨૧૮ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>વ.કા. નં.–૮</u>

<u>વિષય:–</u> ડિલક્ષ ઝેરોક્ષ સેન્ટરનું રૂા.૨૩,૩૮૦/– પુરાનું બીલ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,શહેરી જન સુખાકારી દિનની ઉજવણી નિમિત્તે ગુજરાત રાજયની તમામ નગરપાલિકા / મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ વિકાસલક્ષી કામોના ખાતમુર્હત / લોકાપર્ણ કરવાનું તેમજ આવનાર સમયમાં વિકાસલક્ષી કામો કરવા અંગે સરકારશ્રી તરફથી જરૂરી ગ્રાન્ટ અન્વયેનો ચેક તમામ નગરપાલિકા / મહાનગરપાલિકાને અર્પણ કરવાનો કાર્યક્રમ તા.:૦૮–૦૮–૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ,સદરહુ કાર્યક્રમ વલસાડ નગરપાલિકા સંચાલિત મોરારજી દેસાઈ ઓડીટોરીયમ હોલ ખાતે વલસાડ જિલ્લાની –૦૫(પાંચ) નગરપાલિકાઓનો કાર્યક્રમ રાખવામાં આવેલ. અને સદરહુ કાર્યક્રમમાં માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, ગુજરાત રાજય, શ્રી ઈશ્વરભાઈ પરમાર સાહેબ, મે. કલેકટરશ્રી, વલસાડ જિલ્લા,મે. પ્રાદેશિક કમિશ્નરશ્રી, ( સાઉથ ઝોન),સુરત, સાંસદશ્રી, વલસાડ–ડાંગ જિલ્લા, વલસાડ જિલ્લાના તમામ ધારાસભ્યશ્રીઓ, તમામ વલસાડ જિલ્લાના ચીફ ઓફિસરશ્રીઓ, પ્રમુખશ્રીઓ, ઉપપ્રમુખશ્રીઓ, અન્ય પદાધિકારીશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓ વિગેરે હાજરીમાં કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ. સદરહુ કાર્યક્રમમાં ડાયસ ઉપર બેસનાર મહાનુભાવો માટે જરૂરી આમંત્રણ પત્રિકા, વલસાડ જિલ્લાની રૂપરેખા, મીનીટ ટુ મીનીટ કાર્યક્રમ, વિકાસલક્ષી કામોની વિગત, વિગેરે જેવી કલર **A4** સાઈઝમાં ફાઈલ બનાવી આપવામાં આવેલ, તેમજ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મે. પ્રાદેશિક કમિશ્નરશ્રી, ( સાઉથ ઝોન), સુરત ધ્વારા સરકારશ્રીની જુદી જુદી યોજના હેઠળ વિકાસલક્ષી કામોના ફોટોગ્રાફસ તેમજ કામોની વિગત દર્શાવતી **PPT A4** સાઈઝમાં બુકલેટ બનાવવામાં આવેલ. ઉપરોકત તમામ કરાવેલ કામગીરી તાકીદે કરાવવાની હોવાથી સદરહુ કામગીરીના જાણકાર ડીલક્ષ ઝેરોક્ષ સેન્ટર, સ્ટેડીયમ રોડ, વલસાડ પાસેથી કરાવેલ, કરાવેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૨૩,૩૮૦/– અંકે રૂા. ત્રેવીસ હજાર, ત્રણસો એંસી પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે, તો સદરહું આવેલ બીલનું ચુકવણું કરવા બીલ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં. ૨૧૯ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

વ.કા. નં.–૯

વિષય:– ડિલક્ષ ઝેરોક્ષ સેન્ટરનું રૂા.૯,૦૬૯/– પુરાનું બીલ મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,નામદાર સરકારશ્રીની જુદી જુદી ગ્રાન્ટ હેઠળ વલસાડ નગરપાલિકા ધ્વારા બનાવવામાં આવેલ પ્રોજેકટોનું લોકાર્પણ વિધિ કાર્યક્રમ તા.: ૨૬–૧૨–૨૦૨૦ ના રોજ કલ્યાણ બાગ ખાતે કરવામાં આવેલ. સદરહું કાર્યક્રમમાં માન. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી / માન.સાંસદશ્રી, નવસારી શ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે કરવામાં આવેલ.સદરહુ કાર્યક્રમમાં માન.રા.ક.ના મંત્રીશ્રી વન અને આદિજાતિ વિકાસશ્રી રમણભાઈ પાટકર સાહેબ, માન.સાંસદશ્રી, વલસાડ– ડાંગ શ્રી ર્ડા.કે.સી.પટેલ સાહેબ તેમજ સદરહુ કાર્યક્રમના અતિથિ વિશેષ માન.ધારાસભ્યશ્રી, વલસાડ–શ્રી ભરતભાઈ કે. પટેલ તેમજ ચીફઓફીસરશ્રી, પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી તેમજ તમામ નગરપાલિકાના સભ્યશ્રી તેમજ કર્મચારીગણની ઉપસ્થિતમાં સદરહુ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ. સદરહુ કાર્યક્રમમાં વલસાડ નગરપાલિકા ધ્વારા બનાવવામાં આવેલ પ્રોજેકટોની જરૂરી સ્પાઈલર કલર **PPT** તેમજ કલર ફોટોગ્રાફસની કામગીરી વલસાડના સ્થાનિક ડીલક્ષ ઝેરોક્ષ સેન્ટર, સ્ટેડીયમ રોડ, વલસાડ પાસેથી કરાવેલ, કરાવેલ કામગીરીનું બીલ રૂા.૯,૦૬૯/– પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. તો સદરહું આવેલ બીલનું ચુકવણું કરવા માટે બીલ બનાવવા માટેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૨૦ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

———————————————————————————————————

<u>વ.કા. નં.–૧૦</u>

<u>વિષયઃ–</u> **SJMMSVY-UDP-88-2019-20** હેઠળ વરસાદી ગટર બનાવવાના કામનાં ઠેકેદારશ્રી એમ.એ.ખાચર, રાજકોટની મુદતમાં વધારો કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના. સરકારશ્રીની **SJMMSVY-UDP-88-2019-20** હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં કુલ–૧૭ કામો જુદા જુદા સ્થળોએ વરસાદી ગટર બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ ( ટેન્ડર આઈ.ડી.નં.–૪૩૪૮૮૯ ) કરવામાં આવતાં ટેન્ડરરશ્રી એમ.એ. ખાચર, રાજકોટનું ટેન્ડર એસ્ટીમેઈટની રકમ રૂા.૨,૦૭,૮૫,૩૦૦/– થી ૧૦.૦૮% નીચા ભાવથી આવેલ રકમ રૂા.૧,૮૬,૯૦,૧૪૧.૭૬/– નીચા ભાવથી ટેન્ડર નીચા ભાવથી ટેન્ડર કારોબારી સમિતિ ઠરાવ નં.૨૯૨ / તા.:૧૪–૧૨–૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ. અને ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ ૧૨ માસની સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવા અંગે અત્રેની કચેરીએથી તા.:૨૪–૧૨–૨૦૨૦ થી જરૂરી વર્કઓર્ડર આપવામાં આવેલ અને એજન્સી ધ્વારા આપવામાં આવેલ વર્કઓર્ડર મુજબ એજન્સી ધ્વારા જે ને સ્થળ ઉપર કામગીરી શરૂ કરવામાં આવેલ.

વિશેષમાં સદરહુ એજન્સીએ ધ્વારા તા.:૧૩–૦૭–૨૦૨૧ થી અત્રેની કચેરીએ પત્ર રજુ કરેલ છે. જેમાં સદરહુ કામની મુદતમાં વધારો કરવા અંગેની માંગણી કરેલ છે. હાલે કોરાનાની વૈશ્વિક મહામારી ( બીજી લહેર ) ને કારણે સદરહુ એજન્સીના કામદારો ગોધરા અને અન્ય રાજયમાં પોતાના ધરે પરત ગયેલ હોય, અને હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય, કામગીરી થઈ શકે એમ નથી. એમ જણાવેલ છે. સદરહુ એજન્સીના મંજુર થયેલ કામની મુદત તા.:૨૩–૧૨–૨૦૨૧ ના રોજ પૂર્ણ થાય છે. તો સદરહુ કામે ઉપરોકત પત્રમાં જણાવ્યા પ્રમાણેનો કારણો મુજબ કામગીરીની મુદતમાં વધારો કરી આપવાની જરૂરીયાત જણાતી હોય, અને હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય, જેથી સદરહુ કામ ચોમાસાની સીઝનમાં થઈ શકે તેમ ન હોય, જેથી ઉપરોકત કામો પૂર્ણ કરવા માટે સમયમર્યાદામાં ૦૬ માસની મુદતમાં વધારો કરવા માટેના કામે, કમીટીમાં ચર્ચા–વિચારણાનાં અંતે, સદરહું ઉપરોકત જણાવેલ કામગીરીમાં મુદત વધારો કરવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૨૧ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>વ.કા. નં.–૧૧</u>

<u>વિષય:–</u> સીધ્ધી વિનાયક ઝેરોક્ષ , વલસાડનું રૂા.૧૪,૫૮૯/– પુરાનું બીલ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખામાં ડીપાર્ટમેન્ટલી કામગીરી માટે ઝેરોક્ષ કલર, પ્રિન્ટ, સ્પાઈરલ બાઈડીંગ, વિગેરે જેવી કામગીરી કરવા માટે સિધ્ધી વિનાયક ઝેરોક્ષ, વલસાડના સને : ૨૦૨૦–૨૧ના ભાવો મંજુર કરવામાં આવેલ, અને સદરહું મંજુર કરેલ ભાવોથી કામગીરી કરવા માટે એજન્સીને વહીવટી જાવકનં.–૧૪૪૪ / તા.: ૧૯–૧૨–૨૦૨૦ થી વર્કઓર્ડર આપવામાં આવેલ, અને એજન્સી ધ્વારા મંજુર થયેલ ભાવો મુજબ કરેલ કામગીરીનું બીલ રૂા. ૧૪,૫૮૯/–અંકે રૂા.ચૌદ હજાર, પાંચસો નેવ્યાંશી પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. સદરહું આવેલ બીલનું ચુકવણું કરવા માટે બીલ બનાવવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૨૨ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

———————————————————————————————————————————————————

વ.કા. નં.–૧૨

વિષય:– સીધ્ધી વિનાયક ઝેરોક્ષ , વલસાડનું રૂા.૧૨,૫૭૬/– પુરાનું બીલ મંજુર કરવા બાબત.

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર સરકારશ્રી ધ્વારા ગુજરાત રાજયની નગરપાલિકાઓને સર્વાંગી શહેરી વિકાસના કામો માટે માન. મુખ્યમંત્રી સાહેબશ્રી, ગુજરાત રાજયના વરદહસ્તે ચેક અર્પણ કાર્યક્રમ તા.: ૦૮–૦૮–૨૦૨૧ ના રોજ મોરારજી દેસાઈ ઓડીટોરીયમ હોલ ખાતે યોજાવવામાં આવેલ. સદરહુ કાર્યક્રમ માટે જરૂરી ફલેક્ષ બેનરો તેમજ ચેક બનાવવા માટે સિધ્ધી વિનાયક ઝેરોક્ષ, વલસાડના સને : ૨૦૨૦–૨૧ના ભાવો મંજુર કરવામાં આવેલ, અને સદરહું મંજુર કરેલ ભાવોથી કામગીરી કરવા માટે એજન્સીને વહીવટી જાવકનં.–૧૪૪૬ / તા.: ૩૦–૦૭–૨૦૨૧ થી વર્કઓર્ડર આપવામાં આવેલ, અને એજન્સી ધ્વારા મંજુર થયેલ ભાવો મુજબ કરેલ કામગીરીનું બીલ રૂા. ૧૨,૫૭૬/–અંકે રૂા.બાર હજાર, પાંચસો છોતેર પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. સદરહું આવેલ બીલનું ચુકવણું કરવા માટે બીલ બનાવવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં. ૨૨૩ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>વ.કા. નં.–૧૩</u>**

**<u>વિષય:–</u> અબ્દુલ કાદર હાસમાની, ભાગડા વડા, વલસાડનું રૂા. ૫૫૫૦/–પુરાનું બીલ મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા ધ્વારા ઔરંગા નદી ખાતે NDRE ની ટીમ સાથે પુરગ્રસ્ત પરીસ્થિતિમાં બચાવની કામગીરી અંગેનું મોકડ્રીલ તા.: ૧૯/૦૭/ ૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ. સદરહુ  મોકડ્રીલ વલસાડ નગરપાલિકાના અધિકારી, મામલતદારશ્રી, વલસાડ તેમજ SDM સાહેબશ્રી, વલસાડની હાજરીમાં પુર્ણ કરવામાં આવેલ. સદરહુ કરેલ કામગીરીનો અહેવાલ ફોટોગ્રાફસ તેમજ વિડીયોગ્રાફી ડીઝાસ્ટર શાખા, વલસાડને સાદર કરવાનું હોય, જેથી ફોટોગ્રાફી તેમજ વીડીયોગ્રાફીની કામગીરી કરવા માટે અબ્દુલ કાદર હાસમાની,ભાગડાવડા, વલસાડને સોંપવામાં આવેલ, અને તેઓશ્રી ધ્વારા ફોટોગ્રાફી તેમજ પેનડ્રાઈવમાં વીડીયોગ્રાફી બનાવી  ડીઝાસ્ટર શાખા, વલસાડમાં સાદર કરવામાં આવેલ. જેથી સદરહુ કરેલ કામગીરીનું આવેલ બીલ રૂા.૫,૫૫૦/–/–અંકે રૂા.પાંચ હજાર, પાંચસો પચાસ  પુરાનું અત્રેની કચેરીએ આવેલ છે. સદરહું આવેલ બીલનું ચુકવણું કરવા માટે બીલ બનાવવા અંગે  જરૂરી આગળની કાર્યવાહી  કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૨૨૪ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

———————————————————————————————————————

<u>વ.કા. નં.–૧૪</u>

<u>વિષયઃ–</u> **શ્રી મુકેશ જે. પાંચાલ, વલસાડનું રૂા. ૮૦,૦૦૦/– બીલ મંજુર કરવા બાબત..**

<u>ઠરાવ.ઃ</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ સીવીલ કોર્ટમાં નીચે જણાવ્યા મુજબના કેસો હાલે પેન્ડીંગ હોય, અને સદરહુ કેસો અંગે એડવોકેટશ્રી મુકેશ જે. પાંચાલ, વલસાડની નિમણુંક કરવામાં આવેલ છે. સદરહુ કેસો અંગે તમામ કામગીરી સદરહુ એડવોકેટશ્રી ધ્વારા કરવામાં આવે છે. અને જે કેસોમાં કરેલ કાર્યવાહી અંગેનું બીલ અત્રેની કચેરીએ સાદર કરેલ છે.સદરહુ આવેલ બીલોનું ચુકવણું કરવા માટે બીલ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

**(1) RCS NO.91 / 2020 NITINBHAI D. SONI….RS. 80,000/-**

**(2) RCS NO.29 / 2020 RAMLALA CHARITABLE TRUST & OTHER RS. 80,000/-**

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૨૫ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>વ.કા. નં.–૧૫</u>

<u>વિષયઃ–</u> લક્ષ્મીનગર સોસાયટી, મોગરાવાડીનાં કોમન પ્લોટમાં આંગણવાડી બનાવવાનાં કામ અંગે નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, મે. કલેકટર સાહેબશ્રી, કલેકટર કચેરી, વલસાડનો પત્ર ક્રમાંક : સીબી / એલએનડી / વશી–૨૯૨૫/ ૨૦૨૦ ના પત્રમાં જણાવ્યા મુજબ તા.:૧૭–૧૨–૨૦૨૦ ના રોજ મળેલ ત્રિમાસીક રીવ્યુ મીટીંગમાં આંગણવાડી કેન્દ્રોને જમીન  માંગણીના પ્રશ્નોનું સમાધાન કરી જરૂરી દરખાસ્ત રજુ કરવા જણાવેલ.સદરહુ બાબતે વલસાડ નગરપાલિકા હદમાં આવેલ લક્ષ્મી નગર સોસાયટી,મોગરાવાડી, વલસાડમાં આંગણવાડી બનાવવાનું મંજુર કરવામાં આવેલ છે.

ઉપરોકત બાબતે પ્રમુખશ્રી અનિષ જે. શેઠીયા, લક્ષ્મી નગર સોસાયટી, મોગરાવાડી, વલસાડનો તા.:૧૭–૦૭–૨૦૨૧ ના રોજ અત્રેની કચેરીએ મળેલ પત્રમાં જણાવ્યા મુજબ લક્ષ્મી નગર સોસાયટીમાં આવેલ સર્વે નં.–૧૯૮ વાળો કોમન પ્લોટ પૈકીની ૫૦ ચો.મી. જેટલી જગ્યામાં આંગણવાડી બનાવવા માટે જિલ્લા પંચાયત, વલસાડને જગ્યા ફાળવવામાં આવે તો સોસાયટીના રહીશોને વાંધો નથી. એમ જણાવેલ છે. તેમજ સદરહુ સોસાયટીના રહીશો ધ્વારા સોસાયટીના રસ્તા વલસાડ નગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ છે. જેથી ઉપરોકત આંગણવાડી બનાવવા અંગે જગ્યાની ફાળવણી અંગે જરૂરી સંમતિ આપવા જણાવેલ છે.

ઉપરોકત બાબતે વલસાડ નગરપાલિકાના જ.બો.ઠ.નં.–૯૪૫ / તા.: ૧૫–૦૩–૨૦૨૧ થી લક્ષ્મી નગર સોસાયટી, મોગરાવાડી, વલસાડના રહીશોને પ્રાથમિક સુવિધા આપવા અંગે  રસ્તા સુપ્રત કરવામાં આવેલ છે. જેથી ઉપરોકત કામે પ્રમુખશ્રી, અનિષ જે. શેઠીયા, લક્ષ્મી નગર સોસાયટી, મોગરાવાડી, વલસાડનો તા.: ૧૭–૦૭–૨૦૨૧ ના પત્ર અન્વયે લક્ષ્મીનગર સોસાયટીમાં આવેલ સર્વે નં.–૧૯૮ વાળો કોમન પ્લોટ પૈકીની ૫૦ ચો.મી. જેટલી જગ્યામાં  આંગણવાડી બનાવવાનાં કામે, જિલ્લા પંચાયત કચેરી, વલસાડને ફાળવવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં,સભ્યશ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ, નગરપાલિકા– વલસાડની, આવક નંબર.:૩૮૮૨ / તા.: ૧૮/૧૦/૨૦૨૧ થી આવેલ અરજીને વંચાણમાં લઈ, અબ્રામા, વાલીયા ફળીયામાં આવેલ આંગણવાડી જર્જરીત હોય, નવી આંગણવાડી બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું  પણ  ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં. ૨૨૬ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>વ.કા. નં.–૧૬</u>**

**<u>વિષયઃ–</u> મોગરાવાડી મોટા તળાવની પાળ ફરતે રેલીંગ બનાવવાના કામ અંગે નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તા.: ૫/૬/૨૦૨૧ નાં રોજ " વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણીનાં ભાગરૂપે મોગરાવાડી ખાતેનાં મોટા તળાવની પાળ ફરતે પ્લાન્ટેશન મે. વન અધિક્ષકશ્રી તથા સામાજીક વનિકરણ વિભાગ– વલસાડનાં સંયુકત ઉપક્રમે મે. કલેકટર સાહેબ, મે.ધારાસભ્યશ્રી, પ્રમુખશ્રી,વ.ન.પા., ચેરમેનશ્રી,કારોબારી સમિતિ, વોર્ડ નં.–૩,૪ નાં સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં કામગીરી કરવામાં આવેલ છે.**

**હાલે નગરપાલિકાએ સરકારશ્રીની યોજના હેઠળ તળાવની ફરતે સ્ટોન પંપીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. ના.સરકારશ્રીની સુજલામ–સુફલામ યોજના હેઠળ તળાવને ઉંડુ કરવામાં આવેલ છે. જેથી સદરહુ તળાવ ફરતે રેલીંગનું કામ કરાવવું ખુબજ જરૂરી છે. જેથી ચોમાસાની સીઝનમાં અકસ્માતે કોઈ તળાવમાં પડી નહિ જાય તે રીતે કામગીરી કરવા અંગેના કામે, કમીટીમાં ચર્ચા–વિચારણા અંતે જરૂરીયાત પ્રમાણે તળાવોની રેલીંગ કરાવવા અંગેના ભાવો મંગાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૨૨૭ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>વ.કા. નં.–૧૭</u>

<u>વિષયઃ–</u> પુનમ કન્સ્ટ્રકશન, બીલીમોરાનાં ઠેકેદારશ્રીની કામગીરીનાં મુદત વધારો કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના. સરકારશ્રીની વર્ષની ૧૪ માં નાણાં પંચની યોજના ( પ્રથમ તેમજ બીજા હપ્તો ) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં કુલ–૧૭ ,જુદા જુદા સ્થળોએ પેવરબ્લોક બેસાડવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ ( ટેન્ડર આઈ.ડી.નં.–૪૩૦૬૧૧ )**L1** ટેન્ડરરશ્રી પુનમ કન્સ્ટ્રકશન, ચીખલી રોડ, બીલીમોરાનું ટેન્ડર એસ્ટીમેઈટની રકમ રૂા.૧,૪૯,૮૫,૮૦૦/– થી ૩૧.૭૭% નીચા ભાવથી આવેલ રકમ રૂા.૧,૦૨,૨૪,૮૧૧/– નીચા ભાવથી ટેન્ડર કારોબારી સમિતિ ઠરાવ નં.–૨૭૨ / તા.:૧૨–૧૧–૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ. અને ટેન્ડર સ્પેશીફીકેશન મુજબ ૦૯ માસની સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવા અંગે અત્રેની કચેરીએથી તા.:૧૦–૧૨–૨૦૨૦ થી જરૂરી વર્કઓર્ડર આપવામાં આવેલ અને એજન્સી ધ્વારા આપવામાં આવેલ વર્કઓર્ડર મુજબ કુલ – ૧૭ કામો પૈકી નીચે મુજબના ૦૩ કામોના સ્થળ ઉપર જરૂરી નગરપાલિકા લેવલે અન્ય કામો કરવાના બાકી હોવાથી હાલે સદરહુ જગ્યાઓએ પેવર બ્લોકના કામો શરૂ કરી શકાય એમ નથી. જેથી સદરહુ –૦૩ કામો પુર્ણ કરવા અંગે જરૂરી સમયમર્યાદામાં ૦૬ માસનો વધારો કરવા અંગેની માંગણી કરેલ છે.

જેથી ઉપરોકત હકીકતને ધ્યાને લઈ ટેન્ડરરશ્રી પુનમ કન્સ્ટ્રકશન, ચીખલી રોડ, બીલીમોરાની ઉપરોકત કામે તા.:૦૯–૦૯–૨૦૨૧ ના રોજ સમયમર્યાદા પુર્ણ થવા જાય છે. જે સમયમર્યાદા પૂર્ણ થવા જાય છે. જે સમયમર્યાદાને ૦૬ માસની મુદતમાં વધારો કરવા માટેના કામે, કમીટીમાં ચર્ચા–વિચારણાનાં અંતે, સદરહું ઉપરોકત જણાવેલ કામગીરીમાં મુદત વધારો કરવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ. | કારણ |
|---|---|---|
| ૧ | સુપર કોમ્પલેક્ષ પાણીની ટાંકી થઈ ઔરંગા નદી જેટીના ગેટ સુધી રોડની બંને સાઈડે પેવરબ્લોકનું કામ. | ડીમોલીશનની બાકી કામગીરીને કારણે |
| ૨ | રામવાડી– ૧ થી ૩ ની વચ્ચેની ગલીમાં પેવર બ્લોકનું કામ. | રામવાડી, રામ એપાર્ટમેન્ટ વિસ્તારમાં ડ્રેનેજની કામગીરી બાકી હોવાથી |
| ૩ | વાવ ફળિયા વિસ્તારમાં સ્કુલ પાસેની આંતરિક ગલીઓમાં પેવરબ્લોકનું કામ. | સદરહું વિસ્તારમાં ડ્રેનેજની કામગીરી બાકી હોવાથી |

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં. ૨૨૮ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>વ.કા. નં.–૧૮</u>

<u>વિષય:–</u> આદ્યશકિત એન્જીનીયરીંગ વર્કસની કામગીરીનાં મુદત વધારો કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના. સરકારશ્રીની **SJMMSVY-UDP-88-2017-18** હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં વરસાદી ગટર બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિઘ્ઘી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ ( ટેન્ડર આઈ.ડી.નં.–૪૩૪૯૩૨ ) કરવામાં આવતાં મુદત દરમ્યાન કુલ–૦૩ , ટેન્ડરો આવેલ છે. સદરહુ આવેલ કામના ટેન્ડર ડોકયુમેન્ટ તા.: ૦૩–૧૨–૨૦૨૦ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. અને સદરહું ટેન્ડરરોના આવેલ ડોકયુમેન્ટ ક્રિષ્ણા કન્સલટન્ટ, આણંદ ઘ્વારા ચકાસણી કરતાં કવોલીફાઈડ થયેલ ટેન્ડરરોના ઓન લાઈન ટેન્ડર તા.:૦૪–૧૨–૨૦૨૦ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ટેન્ડરરશ્રી આદ્યશકિત એન્જીનીયરીંગ વર્કસ, સ્વાઘ્યાય મંડળ રોડ, આદર્શ સોસાયટી, ગર્વમેન્ટ ગેસ્ટ હાઉસની પાછળ, પારડીનું ટેન્ડર એસ્ટીમેઈટની રકમ રૂા.૧૮,૩૨,૦૦૦/– થી ૧૨.૯૬% નીચા ભાવથી આવેલ રકમ રૂા.૧૫,૯૪,૫૭૨.૮૦/– નીચા ભાવથી ટેન્ડર આવેલ છે. સદરહું આવેલ ટેન્ડર કા.સ.ઠ. નં.૨૯૬ / તા.:૧૪–૧૨–૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ છે. જે અન્વયે સદરહુ એજન્સી સાથે કરારખત કરી સદરહુ મંજુર થયેલ ૦૨ કામોના વર્કઓર્ડર તા.: ૨૨–૧૨–૨૦૨૦ થી ૦૩(ત્રણ) માસની મુદતમાં કામગીરી પુર્ણ કરવા અંગેનો વર્કઓર્ડર આપવામાં આવેલ છે.

વિશેષમાં સદરહુ એજન્સીએ ઘ્વારા તા.:૨૦–૦૭–૨૦૨૧ થી અત્રેની કચેરીએ પત્ર રજુ કરેલ છે. જેમાં સદરહુ કામની મુદતમાં વધારો કરવા અંગેની માંગણી કરેલ છે. હાલે કોરાનાની વૈશ્વિક મહામારી ( બીજી લહેર ) ને કારણે સદરહુ એજન્સીના કામદારો ગોધરા અને અન્ય રાજયમાં પોતાના ધરે પરત ગયેલ હોય, અને હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય, કામગીરી થઈ શકે એમ નથી. એમ જણાવેલ છે. સદરહુ એજન્સીના મંજુર થયેલ કામની મુદત તા.:૨૧–૦૩–૨૦૨૧ ના રોજ પૂર્ણ થાય છે. તો સદરહુ કામે ઉપરોકત પત્રમાં જણાવ્યા પ્રમાણેના કારણો મુજબ કામગીરીની મુદતમાં વધારો કરી આપવાની જરૂરીયાત જણાતી હોય, અને હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય, જેથી સદરહુ કામ ચોમાસાની સીઝનમાં થઈ શકે તેમ ન હોય, ચોમાસાની સીઝન પુર્ણ થયેથી એટલે કે, તા.: ૩૧–૧૦–૨૦૨૧ સુધી મુદત વધારી આપવા માટેના કામે, કમીટીમાં ચર્ચા–વિચારણાનાં અંતે, સદરહું ઉપરોકત જણાવેલ કામગીરીમાં મુદત વધારો કરવા અંગે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૨૯ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>વ.કા. નં.–૧૯</u>

<u>વિષયઃ–</u> **જયોતિબેન એચ.દેસાઈ, વલસાડ પારડી, વલસાડમાં મોબાઈલ ટાવરના એન.ઓ.સી.આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.**

<u>ઠરાવ.:</u>

વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં, ઈન્દુસ ટાવર્સ લીમીટેડ, અમદાવાદ ધ્વારા વલસાડ નગરપાલિકાના, વલસાડ પારડી વિસ્તારમાં આવેલ સી.સ.નં.–૧૭૭ વાળી ખુલ્લી જમીનમાં શ્રીમતિ જયોતિબેન હર્ષદભાઈ દેસાઈ, રહે.ઃ વલસાડ પારડી, વલસાડમાં મોબાઈલ ટાવરના એન.ઓ.સી. મેળવવા માટે અરજી આવેલ છે. સદરહુ આવેલ અરજી જોડે ઈન્દુસ ટાવર્સ લીમીટેડ, અમદાવાદ ધ્વારા જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જેમાં જમીન માલિકીનું સોંગંદનામું, પ્રોપર્ટીકાર્ડ, લાઈટબીલ, નકશા તેમજ ફોટોગ્રાફસની નકલ આ સાથે સામેલ રાખેલ છે. સદરહુ જણાવેલ સ્થળ નામદાર સરકારશ્રીના ધારાધોરણ મુજબ જરૂરી નિયમોનુસાર ફી વસુલાત કરી ટાવર ઈન્સ્ટોલેશન માટે પરવાનગી (એન.ઓ.સી.) આપવાપાત્ર હોય તો સદરહુ સ્થળે ટાવર ઈન્સ્ટોલેશન માટે પરવાનગી ( એન.ઓ.સી.) આપવા અંગેના આવેલ કામે, કમીટીમાં ચર્ચા વિચારણાં કરતાં, સદરહું વિસ્તારનાં રહીશોની આવેલ વાંધા અરજીને ધ્યાનમાં લઈ, ઈજનેરશ્રી,પ.વ.ડી.શાખા પાસે સ્થળ તપાસ કરાવી, આગામી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

**કા.સ.ઠ.નં. ૨૩૦ / તા.:૧૮–૧૦ –૨૦૨૧**

---

**<u>વ.કા. નં.–૨૦</u>**

**<u>વિષયઃ–</u> અમૃત યોજના ( ૧૭–૨૦) હેઠળ પાઈપલાઈનાં ટેન્ડર અંગે ન.પા. એડવોકેટશ્રી ડી.જી.ચૌહાણનું વકીલ ફી રૂા.૧,૭૩,૦૦૦/– પુરાનું બીલ મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રી અમૃત યોજના વોટર સપ્લાય સેકટર (૨૦૧૭–૨૦) હેઠળ પાણીની પાઈપલાઈન નાખવાના કામે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવેલ. જે આવેલ ટેન્ડર પૈકી ટેન્ડરરશ્રી મારૂતિ એન્ટરપ્રાઈઝ, રાજકોટનું ટેન્ડર નામંજુર કરતાં સદરહુ ટેન્ડરરશ્રી ધ્વારા નામદાર હાઈકોર્ટમાં સ્પે.સી.એપ્લી.નં.૧૪૫૨૭ / ૨૦૧૯ થી દાખલ કરેલ. સદરહુ કેસ અન્વયે નગરપાલિકા તરફેની કાર્યવાહી કરવા તેમજ કોર્ટમાં હાજર રહેવા અંગે હાઈકોર્ટના એડવોકેટશ્રી ડી.જી.ચૌહાણને અત્રેની કચેરીએથી વહીવટી જાવક નં.૨૭૧૨ / તા.: ૧૫–૦૧–૨૦૨૧ થી જરૂરી નિમણુંક આપવામાં આવેલ. અને સદરહુ એડવોકેટશ્રી ધ્વારા જરૂરી કાર્યવાહી કરી જે તે સમયે હાઈકોર્ટમાં નગરપાલિકા તરફે હાજર રહેલ. અને સદરહુ કેસમાં તા.:૨૨–૦૭–૨૦૨૧ ના રોજ ડીસ્પોસ કરી નગરપાલિકા તરફે ઓર્ડર આપવામાં આવેલે જેથી એડવોકેટશ્રી ધ્વારા સદરહુ કેસમાં કરવામાં આવેલ તમામ કામગીરી અન્વયેનું બીલ રૂા.૧,૭૩,૦૦૦/– પુરાનું અત્રેની કચેરીએ સાદર કરેલ છે. જેથી સદરહુ આવેલ બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૨૩૧ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>વ.કા. નં.–૨૧</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકામાં હાલે વાયરમેન તરીકે ફરજ બજાવતા કર્મચારી (૧) વિનોદભાઈ હરિભાઈ પટેલ (૨) મહેન્દ્રભાઈ છોટુભાઈ પટેલને છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર ચુકવવા બાબતની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકામાં હાલે વાયરમેન તરીકે ફરજ બજાવતા કર્મચારી (૧) વિનોદભાઈ હરિભાઈ પટેલ (૨) મહેન્દ્રભાઈ છોટુભાઈ પટેલ ફરજ બજાવે છે. તેઓને જ.બો.ઠ.નં.–૩૨૬ તા.:૦૮/૦૧/૨૦૦૮ થી ઠરાવ્યા મુજબ હાલે પાંચમા પગારપંચ મુજબનો લાભ વલસાડ નગરપાલિકા ધ્વારા આપવામાં આવે છે. જે કર્મચારીઓને પાંચમુ પગારપંચ મળે છે. તેઓને છઠ્ઠા પગાર પંચનો લાભ મળવા અંગે અરજદાર કર્મચારીઓએ છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવવા માટે અરજી કરેલ છે. અરજદાર કર્મચારી હાલે લાઈટ શાખામાં ફરજ બજાવે છે. તેઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા માટેના આવેલ કામે, કમીટીમાં ચર્ચા–વિચારણા કરતાં સદરહું કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા અંગેનું કામ નીતીવિષયક હોઈ, સદરહુ વાયરમેનોની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૩૨ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

વ.કા. નં.–૨૨

વિષયઃ– કોરોના વાયરસથી અવસાન થયેલ કર્મચારીના આશ્રિત કુંટુંબને સરકારશ્રીના પરીપત્ર મુજબ ૨૫(પચ્ચીસ) લાખ રૂપિયાની સહાય આપવા બાબતેના આવેલ કામે દરખાસ્ત કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકામાં ભાડા વસુલાત શાખામાં તા.:૧૭/૦૫/૧૯૯૫ થી કલાર્ક તરીકે ફરજ બજાવતાં કર્મચારી શ્રી મુકેશભાઈ મણીલાલ રાણા, કોરોના વાયરસને કારણે તા.: ૨૮/૦૬/૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે. સદર કર્મચારી ભાડા વસુલાત શાખામાં કલાર્ક ઉપરાંત ફરજના ભાગરૂપે કોવિડ–૧૯ ( કોરોના વાયરસ) ના લીધે લોકડાઉન સમયે સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ વ્યાજબી ભાવોની દુકાનેથી રેશનકાર્ડ ધારકોને અનાજ વિતરણ વ્યવસ્થા તથા કોવિડ–૧૯ નોન કોવિડ હોસ્પિટલોમાં ફાયરના બનાવો ન બને તેમજ સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબની કામગીરી કરાવવા ઈન્સ્પેકશન અહેવાલ ટીમ સાથે કામગીરી પણ કરતાં હતા. આમ તેઓશ્રી કોવિડની કામગીરી સાથે સીધી રીતે સંકળાયેલ હતા.

સંદર્ભ તળેના સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકારશ્રીના ઠરાવ મુજબ રાજય સરકારની સેવાના કોઈપણ કર્મચારી / પંચાયત સેવા તેમજ મહાનગરપાલિકા / નગરપાલિકાના કર્મચારી / અધિકારી જે કોરોના વાયરસ ( કોવિડ–૧૯ ) ની કામગીરી સાથે સંકળાયેલ હોય અને ફરજનાં ભાગરૂપે કોરોના અસરગ્રસ્ત થવાથી કોવિડ–૧૯ નાં કારણે અવસાન પામે તો તેવા કર્મચારીના કિસ્સામાં તેઓનાં આશ્રિત કુંટુંબને રૂા.૨૫(પચ્ચીસ) લાખની સહાય આપવાનું ઠરાવેલ છે. મજકુર કર્મચારી સ્વ.શ્રી મુકેશભાઈ મણીલાલ રાણાની કામગીરી કોરોના યોધ્ધાની હોઈ સરકારશ્રીની સદર સહાયનો લાભ મળવાપાત્ર હોય,કોરોના વાયરસથી અવસાન થયેલ કર્મચારીના આશ્રિત કુંટુંબને સરકારશ્રીના પરીપત્ર મુજબ ૨૫(પચ્ચીસ) લાખ રૂપિયાની સહાય આપવા બાબતેના આવેલ કામે, આ અંગેની જરૂરી દરખાસ્ત નિયત નમુનામાં તૈયાર કરી ના.સરકારશ્રીમાં સાદર કરવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૩૩ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>વ.કા. નં.–૨૩</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાની માલીકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીંગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર / વારસાઈરૂએ નામફેર કરવાની આવેલ કુલ–૧૩, અરજીઓ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની માલીકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીંગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર, વારસાઈરૂએ નામફેર કરવાની જુદી જુદી નીચે જણાવેલ આવેલ અરજીઓ, અ.નં.૧ થી ૫, લાયસન્સ ફી વસુલાત શાખા તેમજ ચીફ ઓફીસરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ તથા જણાવેલ શરતોને આધીન રહી નામ ટ્રાન્સફર કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | માર્કેટ / શોપીંગ સેન્ટરનું નામ. | દુકાન નંબર | નામ. | |
|---|---|---|---|---|
| ૧ | ડિસ્પેન્સરીની બાજુની શોપીંગ સેન્ટર ભાગ–૧ | ૨ | મકસુદ મજીદ કસલી | |
| ૨ | ડિસ્પેન્સરીની બાજુની શોપીંગ સેન્ટર ભાગ–૧ | ૪ | સાજીદ ઈકબાલ ગાડીવાલા,<br>ફૈઝલમોહમદ ઈકબાલ ગાડીવાલા | |
| ૩ | ડિસ્પેન્સરીની બાજુની શોપીંગ સેન્ટર ભાગ–૨ | ૫ | મુલ્લા મુનવ્વર ગુલામહુશેન | |
| ૪ | દાદાભાઈ નવરોજી શોપીંગ સેન્ટર | ૧૧,<br>૧૨ | મરીયમ શબ્બીર વ્હોરા,<br>હુશેન શબ્બીરભાઈ વ્હોરા,<br>તાહેર શબ્બીરભાઈ વ્હોરા,<br>અલફીયા શબ્બીરભાઈ વ્હોરા | |
| ૫ | દાદાભાઈ નવરોજી શોપીંગ સેન્ટર | પ્ર–૪૦ | જયંતી હર્ષદ માવાણી,<br>કૃણાલ હર્ષદ માવાણી,<br>હર્ષ હર્ષદ માવાણી | |
| ૬ | ર્ડા.આંબેડકર શોપીંગ સેન્ટર | A-૯ | કાનજીભાઈ પ્રેમજીભાઈ ભાનુશાલી | |
| ૭ | ર્ડા.આંબેડકર શોપીંગ સેન્ટર | A-૧૨ | કાનજીભાઈ પ્રેમજીભાઈ ભાનુશાલી | |
| ૮ | જવાહરલાલ નહેરૂ શોપીંગ સેન્ટર | ૧૦ | સલીમ મુસ્તુફા સિંધા | |
| ૯ | મોરારજી દેસાઈ શોપીંગ સેન્ટર | ૪૪ | હરીશકુમાર હેમંતલાલ માનવાણી | |
| ૧૦ | મોરારજી દેસાઈ અંદર માર્કેટ | ૧૮,૧૯ | શીલાબેન ભાણાભાઈ પટેલ | |
| ૧૧ | મોરારજી દેસાઈ અંદર માર્કેટ | ૩૯ | ખેમચંદ વાધુરારામ માનવાણી | |
| ૧૨ | નવી વેજીટેબલ માર્કેટ | ૪ | દિપકભાઈ રમણભાઈ દેસાઈ | |
| ૧૩ | સરદાર વલ્લભભાઈ પટેલ | ૧૮ | શાંતિલાલ દામજીભાઈ શાહ,<br>શૈલેષ શાંતિલાલ શાહ | |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૩૪ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>વ.કા. નં.–૨૪</u>

<u>વિષયઃ–</u> હાઉસ ટેક્ષ ડીપાર્ટમેન્ટમાં સને ૨૦૦૮–૨૦૦૯ થી ગુજરાત સરકારશ્રીના હુકમ મુજબ એરીયા બેઈઝ પ્રોપર્ટ ટેક્ષનું મોડયુલ ચાલે છે. જ.બો.ઠ.નં.૧૩૮ / તા.: ૨૧/૦૭/૨૦૦૮ મુજબ,૨૦૧૬–૧૭ ના વર્ષથી દર ૨ વર્ષે ૧૦% બેઝીક રેઈટ વધારવા તેમજ બેઝીક રેઈટ વધાર્યા બાદ, દરેક મિલકતમાં તેનો અમલ કરી પાછલી બાકી વસુલાત કરવા અંગે જરૂરી નિર્ણય કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,હાઉસ ટેક્ષ ડીપાર્ટમેન્ટમાં સને ૨૦૦૮–૨૦૦૯ થી ગુજરાત સરકારશ્રીના હુકમ મુજબ એરીયા બેઈઝ પ્રોપર્ટી ટેક્ષનું મોડયુલ ચાલે છે. જનરલ બોર્ડના ઠરાવ નં.૧૩૮ / તા.:૨૧/૦૭/૨૦૦૮ મુજબ વલસાડ નગરપાલિકાએ રહેણાંક મિલકતમાં મિનિમમ રૂા. ૮–૦૦ તથા મેક્ષીમમ રૂા.૧૦–૦૦ નકકી કરેલ હતા તેમજ બિનરહેણાંક મિલકતમાં મિનિમમ રૂા.૧૨–૦૦ તેમજ મેક્ષીમમ રૂા.૧૫–૦૦ નકકી કરેલ હતા. જેની નકલ સામેલ છે તેમાં સરકારશ્રીની જોગવાઈ મુજબ દર વર્ષે ૧૦% વધારો કરવાનો ઠરાવ પણ કરવામાં આવેલ હતો. જેની લીમીટ ૨૦૧૬–૧૭ ના વર્ષમાં પુરી થઈ ગયેલ હતી. ત્યારબાદ સરકારશ્રીમાં પત્ર લખી ટેક્ષ ગણવાના દરો વધારવા માટે મંજુરી માગંવામાં આવેલ હતી. જેનો જવાબ સરકારશ્રીમાંથી આવેલ ન હતો. જેથી બેઝીક ટેક્ષમાં ૨૦૧૬–૧૭ થી વધારો કરવામાં આવેલ ન હતો. ત્યારબાદ સને ૨૦૧૯–૨૦ નું ઓડીટ ૨૦૨૧ માં કરતાં સમયે ઓડીટરશ્રીને ઉપરોકત બાબત ધ્યાને આવતા તેઓએ ૨૦૧૬–૧૭ ના વર્ષની બેઝીક રેઈટ વધાર્યા બાદ દરેક મિલકતમાં તેનો અમલ કરી પાછલી બાકી વસુલાત કરવા બાબતેના આવેલ કામે જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ર૩પ / તા.:૧૮–૧૦ –ર૦ર૧

---

<u>વ.કા. નં.–રપ</u>

**વિષયઃ– બંદર રોડ મુખ્ય રસ્તા, સુપર કોમ્પલેક્ષ– એવર સાઈન એપાર્ટમેન્ટથી ઔરંગા નદી જેટી સુધી રોડની બંને સાઈટ બાકી રહેલ જગ્યામાં ર.પ મીટરના માપમાં પેવરબ્લોક બેસાડવાનું કામ સરકારશ્રીની આવનારી વિવિધ ગ્રાન્ટમાં સમાવેશ કરી કામગીરી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.**

<u>ઠરાવ.:</u>

**આ કામ કમીટીમાં ચર્ચા થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ બંદર રોડ મુખ્ય રસ્તા, સુપર કોમ્પલેક્ષ – એવર સાઈન એપાર્ટમેન્ટથી ઔરંગા નદી જેટી સુધી રોડની બંને સાઈટ બાકી રહેલ જગ્યામાં ર.પ મીટરના માપમાં પેવર બ્લોક બેસાડવાનું કામ, ના.સરકારશ્રીની આવનારી વિવિધ ગ્રાન્ટમાં સમાવેશ કરી, સદરહું ઉપરોકત જણાવેલ વિસ્તારમાં પેવરબ્લોક બેસાડવાની કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં. ૨૩૬ / તા.:૧૮–૧૦ –૨૦૨૧

---

<u>વ.કા. નં.–૨૬</u>

<u>વિષય:–</u> વોર્ડ નં.–૬ નાં જુદા જુદા વિસ્તારમાં આવેલ રસ્તાઓ ડામરના રસ્તા બનાવવા બાબત..

<u>ઠરાવ.:</u>

વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ વોર્ડ નં.–૬ નાં નીચે જણાવેલ જુદા જુદા વિસ્તારોમાં આવેલ રસ્તાઓ બીસ્માર હોય સદરહુ રસ્તાઓને, ના.સરકારશ્રીની ગ્રાંટમાંથી ડામરના રસ્તાઓ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વિસ્તારનું નામ. |
|---|---|
| ૧ | પટેલ પાનની થી કિંજલ સુધી રામવાડી વિસ્તાર. |
| ૨ | લક્ષ્મીબેન તપખીર થી જળદેવી મંદિર તથા તેની આસપાસનો વિસ્તાર. |
| ૩ | ગંજખાના, કુંભારવાડનો રોડ |
| ૪ | ડિસ્પેનસરી રોડ |
| ૫ | ગીતાસદન રોડ |
| ૬ | ખંડુજી ટેકરાવાળો રોડ |
| ૭ | ગોલવાડ રોડ |
| ૮ | કસ્તુરબાથી સરકારી દવાખાના સુધીનો રોડ |
| ૯ | લોટસ હોસ્પીટલથી કસ્તુરબા હોસ્પીટલ સુધીનો રોડ. |

સ.મ.મંજુર..